મોતીચંદ ગિરધર કાપડીઆ સન્માન સમિતિ ગ્રંથાંક નં. ૧

# કૉલેજ જીવન અને ધાર્મિક શિક્ષણ

લખનાર

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

બી. એ. એલ્.એલ્. બી.

સોલિસિટર તથા નોટેરિપબ્લિક

પ્રગટ કરનાર

**મહાવીર જૈન વિદ્યાલય**

ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ.

મૂલ્ય રૂા. ૦-૪-૦

મોતીચંદ ગિરધર કાપડીઆ સન્માન સમિતિ ગ્રંથાંક નં. ૧

# કોલેજ જીવન અને ધાર્મિક શિક્ષણ

લખનાર

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

બી. એ. એલ્.એલ્. બી.

સોલિસિટર તથા નોટેરિ પબ્લિક

પ્રગટ કરનાર

**મહાવીર જૈન વિદ્યાલય**

ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ.

મૂલ્ય રૂા. ૦-૪-૦

આનંદ પ્રેસ
ભાવનગર

# આમુખ.

દરેક પુસ્તકને, પછી તે ગમે તેટલું નાનું હોય, તેને ઉપોદ્ઘાતની જરૂર નથી. આ પુસ્તક ધાર્મિક કેળવણી કેવી રીતે આપવી ઘટે તે સંબંધી મારા વિચારો ને અનુભવને પરિણામે થયેલા વિચારોનું સમુચ્ચયીકરણ છે. મેં કોલેજના વિદ્યાર્થીઓનો આદર્શ જાળવી રાખવા પ્રયત્ન કર્યો છે અને શ્રી મહાવીર વિદ્યાલયમાં અમે જે **ધાર્મિક કેળવણી** આપી તેનું વિદ્યાલય નામ જાળવી રાખવા પ્રયત્ન કર્યો છે તેનું આ શુભ પરિણામ છે. શેઠ કાંતિલાલ ઈશ્વરલાલે એક જાહેરાત કરી કેળવણી સંબંધી યોજના માગી હતી તે પ્રસંગે આ લેખ મેં લખ્યો હતો અને જો કે હું ઇનામને પાત્ર ન થયો છતાં જૈન પત્રના અધિપતિએ એ લેખ છાપી આભાર કર્યો છે. હવે મને લાગે છે કે પારિતોષિકને પાત્ર થયેલો લેખ આના કરતાં સારો હશે તે પ્રગટ થયે ખબર પડશે, પણ મને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના અનુભવે જે શીખવ્યું તે આમાં લેખરૂપે લખી નાખ્યું છે અને તે કોલેજના વિદ્યાર્થીઓના મારા સંસર્ગનું પરિણામ છે.

મે વિષયને ચાર વિભાગમાં વહેંચી નાખ્યો છે. **ધર્મકથાનો** કેમ ઉપયોગ કરી શકાય તે બતાવ્યું છે, **ગણિતાનુયોગ** મૂકી દીધો છે, **ચરણકરણાનુયોગને** બહલાવ્યો છે અને તેની શક્યતા વિદ્યાર્થી પર અસર કરનાર થઇ પડે તે પણ ઉલ્લેખતાં બતાવ્યું છે અને **દ્રવ્યાનુયોગને** ખાસ પ્રાધાન્ય અનુભવને પરિણામે આપ્યું છે. રવિવારનો કેવી રીતે ઉપયોગ

કરવો અને કોલેજના વિદ્યાર્થીને તેનું રહસ્ય કેમ બતાવાય તે ભાર આપીને જણાવ્યું છે અને શનિવારના સર્વસામાન્ય કલાસમાં વિષયો કેવા અને કેવી રીતે લેવા તે સર્વ લેખમાં લખ્યું છે.

ખાસ કરીને આ કોલેજના વર્ગના વિદ્યાર્થીઓને રસમય રીતે ધર્મનો અભ્યાસ કેમ કરાવી શકાય તેની આખી યોજના બતાવી છે. તેમાં મતભેદને જરૂર અવકાશ છે અને ખાસ કરીને નવીન સૂચનાઓ જો તે સાહજિક હશે તો જરૂર આવશ્યક છે અને તે દૃષ્ટિએ લેખ લખ્યો છે, તે સંપૂર્ણ નથી તે તો તેની કમિટીએ નક્કી કર્યું છે, એ અપૂર્ણતાના દાવા સાથે મનમાં અને અનુભવમાં આવ્યું તે લખી નાંખ્યું છે. તે જેને યોગ્ય લાગે તેણે સ્વીકારવું.

ખાસ કરીને ધાર્મિક અભ્યાસ કરાવનારની પસંદગીમાં બહુ સંભાળ રાખવી. આવી અનેક બાબતો વિષયમાં લખી નાખી છે તે લાગુ પાડવાની ધૃષ્ટતા ન થાય તો વિચારણીય તો જરૂર છે જ. એ રીતે આ કોલેજના વિદ્યાર્થી સબંધીનો લઘુ-લેખ હૃદયથી લખાઈ ગયો છે. તે વાંચી ચલાવવા અને યોગ્ય લાગે ત્યાં સૂચના કરવા વિજ્ઞપ્તિ છે.

મુંબઈ ચોપાટી સી ફેસ
તા. ૩૦-૫-૧૯૪૯

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

# કૉલેજ જીવન અને ધાર્મિક શિક્ષણ

## શીર્ષક—સમન્વય

જાહેરાત કરેલા નિબંધને આવા પ્રકારનું શીર્ષક આપી શકાય. ધાર્મિક અભ્યાસ અતિ અગત્યનો વિષય છે અને એની ચર્ચા અનેક દૃષ્ટિબિન્દુથી કરવા યોગ્ય છે. ધાર્મિક શિક્ષણનો ઉદ્દેશ સ્વનું જ્ઞાન પ્રાપ્ત કરી, ચેતનને ઓળખી, તેની પ્રગતિ કેમ થાય અને તેના વિકાસમાર્ગો એ કેવી રીતે પસાર કરે તે, હોઈ શકે. એનો આડકતરો લાભ સાહિત્ય, તત્ત્વજ્ઞાન કે ધર્મ સંસ્કૃતિના વિકાસનો થઈ શકે અને તે દ્વારા તેને વેગવાન પણ બનાવી શકાય, પણ તેનો ઉદ્દેશ તો વૈયક્તિક વિકાસનો જ હોઇ શકે અને તે રીતે વિચારતાં ઉપરના શીર્ષકને કોઈ બાધ આવે તો આગળ વિચાર કરતાં લેખ માગનારના હેતુ સાથે તેનો સમન્વય કરવાનો પ્રયત્ન કરવામાં આવશે અને તે દ્વારા ઇષ્ટ પરિણામનું દિગ્દર્શન કરવા પ્રયત્ન થશે.

## ધર્મ—એનાં ક્ષેત્રો—વિષયો

ધર્મ એ પ્રાણીનો આધાર છે, એનો દુઃખમાં વિસામો છે, એની નિરાશામાં કિરણોદ્વારા સૂર્ય સમાન કાર્ય આપનાર છે અને આખા જીવનને સફળ બનાવનાર પારાશીશી છે. એની અવગણના કરવી ઓજે નહિ, એને વિસારી મૂકી શકાય નહિ અને એને તુચ્છ-

કારી શકાય નહિ; છતાં ધર્મ શબ્દ એટલા વિવિધ અર્થમાં વપરાય છે કે એના શિક્ષણનો વિચાર કરવા સાથે એની કઈ કઈ ભૂમિકા પર રચના કરવી છે તેનો પણ ખ્યાલ રાખવો પડશે. એટલે ધાર્મિક શિક્ષણનો વિચાર કરતાં એના કયાં કયાં ક્ષેત્રો આપણે સ્પર્શવા પડશે તેની મર્યાદા કરી લઈએ.

**અનુયોગો**

ધર્મગ્રંથોના જૈન શાસ્ત્રકારોએ ચાર વિભાગ પાડ્યા છે, એને જૈન પરિભાષામાં 'અનુયોગ' કહેવામાં આવે છે એ ચારેનાં નામો અનુક્રમે આ પ્રમાણે છેઃ (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ધર્મકથાનુયોગ અને (૪) ગણિતાનુયોગ.

**૧. ગણિત**

કોલેજના વિદ્યાર્થીઓના શિક્ષણક્રમની યોજનામાં ગણિતાનુયોગને સ્થાન રહેતું નથી, કારણ કે હાઇસ્કૂલના અભ્યાસમાં ગણિત સારી રીતે શિખવાય છે. તેમાં હિસાબ, બીજગણિત, વર્ગમૂળ, ઘનમૂળ, પરમ્યુટેશન, કોંબીનેશન આવી જાય છે અને ગણિતાનુયોગથી જે એકાગ્રતા, વિચારસ્પષ્ટતા અને સ્થિરતા આવી જવાની જરૂર છે તે સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. ઉપરાંત ગણિતાનુયોગના અભ્યાસી અલભ્ય છે ને અધ્યાપક મળી શકે તેમ નથી અને વિકાસ અને વિસ્તારની દૃષ્ટિએ તેની આવશ્યકતા પણ બહુ રહેતી નથી.

**૨. ધર્મકથા**

ધર્મકથાનુયોગ પશ્ચાનુપૂર્વીમાં ત્યાર પછી આવે છે. જૈન કથાઓ અદ્ભુત છે, અસાધારણ છે, નવરસથી ભરેલી છે, વિવિધતાથી વ્યાપન્ન છે અને સાહિત્યમાં ભાત પાડે તેવી છે. માગધી, સંસ્કૃત અને અપભ્રંશ કથાઓ માટે નિષ્ણાત પંડિતોએ એક અવાજે પ્રશંસા કરી છે અને તેની રસિકતા સાથે ઉપદેશ પદ્ધતિ આદર્શ

તરીકે સિદ્ધ થઈ ચૂકી છે. ગુજરાતી કથામાં રાસા સાહિત્ય તો નવલ કથાના અદ્ભુત વિભાગમાં આવે છે, વ્યવહારનાં સુંદર કૌશલ્યો પૂરા પાડે છે અને વિશાળ અર્થમાં સાહિત્યની વાનગી આપે છે, છતાં આ કથાનુયોગમાં માર્ગદર્શનની જ જરૂર રહે છે, પસંદગી માટે ક્રમસર યોજના બહાર પાડવાનું જ આવશ્યક ગણવામાં આવે છે અને ઐતિહાસિક નજરે તે પરની વિચારણા સ્વયં વાંચી શકાય તેવી પરિસ્થિતિ હોઈને તે માટે પદ્ધતિસરના અભ્યાસની ગોઠવણ કરવા કરતાં, તેના સારગ્રાહી તત્ત્વોનો અનુક્રમ બતાવી વાંચનાર અભ્યાસીને તે માટે પ્રયત્ન કરવા સૂચવી શકાય તેમ છે. ઈતિહાસમાં રસ પેદા કરવા માટે અને અંતરને જાગ્રત કરવા માટે આ અગત્યના અનુયોગને અંગે ખાસ ક્રમસર અભ્યાસ કરાવવાની યોજના કરતાં એને માટે કથાનાં નામો, સ્થાનો અને તેના વિષયો તથા કાવ્યમયતાના અંગો પર વિવેચન દ્વારા ઉચ્ચ અભ્યાસીનું તે પર ધ્યાન ખેંચવામાં આવે અને તેના વિષયોનું વર્ગીકરણ કરી તે પર ઉલ્લેખ કરવામાં આવે તો કથાસાહિત્યમાં રસ ઉત્પન્ન કરી શકાય તેમ છે. તેના પદ્ધતિસરના અભ્યાસ કરતાં રસ પેદા કરે તેવા નિબંધોની પ્રસિદ્ધિને સ્થાન આપવાથી આ બીજા અનુયોગનો અભ્યાસ કોલેજના વિદ્યાર્થીઓ કરી શકે એમ લાગે છે

## ૩. દ્રવ્યાનુયોગ

ખરો અટપટો વિષય તો દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગનો છે. પ્રથમ આ બન્ને અનુયોગને ચોખવટથી સમજી લઈએ. દ્રવ્યાનુયોગમાં છ દ્રવ્યની વિચારણા આવે છે. દ્રવ્ય શબ્દમાં જીવ અને અજીવ સર્વનો સમાવેશ થાય છે. અજીવમાં પુદ્ગલ જેવા મૂર્ત દ્રવ્ય સાથે ગતિ સહાયક બળ ધર્મ, સ્થિતિ સહાયકબળ અધર્મનો સમાવેશ કરી તેમાં Forceનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કાળ અને આકાશ ( Time and Space) જેવા અમૂર્ત અને વિવિક્ત (abstract) પદાર્થોનો સમાવેશ અજીવમાં થાય છે. આ રીતે સચરાચર લોક અલો

એના સર્વ મૂર્ત અમૂર્ત પદાર્થોનો સમાવેશ 'દ્રવ્ય'માં કરવામાં આવેલ છે. આત્મા નિત્ય છે, એ કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, એને પરભવ છે, એ કર્મથી લેપાયેલ હોય ત્યાં સુધી એને સંસાર છે, એ ઉપાયોવડે કર્મથી મુક્ત થઇ શકે છે—આવી અનેક વિચારધારા જીવ-દ્રવ્યને અંગે કરી આત્માનો અને કર્મનો સંબંધ અને તેના અચળ કાયદા ( નિયમ -ધોરણો )નો મુદ્દામ વિચાર આ દ્રવ્યાનુયોગમાં કરવામાં આવે છે. આત્મા નવાં કર્મો કેવી રીતે મેળવે છે, કયે માર્ગે આવતાં કર્મોને અટકાવી બંધ કરી શકે છે, અગાઉ આવી ગયેલાં કર્મોને કેવી રીતે આત્માથી દૂર કરી શકે છે-વગેરે અનેક બાબતોની વિચારણા દ્રવ્યાનુયોગમાં કરવામાં આવી છે. આત્મા કર્માવૃત્ત હોય ત્યારે એની કેવી વિવિધ પ્રકારની દશાઓ થાય છે ? શા માટે થાય છે ? અને તેના વિકાસમાં પુરૂષાર્થને કેટલું સ્થાન છે? અને તે કઇ રીતે પ્રાપ્તવ્ય છે ! આવી અનેક વૈજ્ઞાનિક વિચારણા દ્રાનુવ્યયોગમાં કરવામાં આવી છે. એ અનુયોગમાં માનસશાસ્ત્ર (Psychology), તર્ક (Logic) અને નીતિશાસ્ત્ર( Ethics )નો સમાવેશ થાય છે. ( આ નીતિ વિભાગનો કેટલોક ભાગ ચરણકરણાનુયોગમાં પણ જાય છે. ) એ ઉપરાંત સાત નયની વિચારણા, સપ્તભંગીના સ્વરૂપો, સ્યાદ્વાદનું રહસ્ય, નિગોદનો સિધ્ધાંત અને પુન્ય પાપ આશ્રવ સંવર બંધ નિર્જરા અને મોક્ષને અંગે અતિ મહત્ત્વની બાબતો એના પેટામાં આવે છે. આ અનુયોગના અભ્યાસની અત્યંત આવશ્યકતા છે અને તેની પદ્ધતિની વિચારણા વર્તમાન યુગનો સમયધર્મ છે.

### ૪. ચરણકરણ.

ચરણકરણાનુયોગ ક્રિયા અને ચારિત્રને અનુલક્ષે છે. ચારિત્ર એટલે વર્તન. એમાં આત્મવિકાસનાં સ્થાનો અને માર્ગોની વિચારણા હોય છે. એમાં ઘનાવૃત સ્થિતિથી કર્મમુક્તદશા સુધીની સ્થિતિની વિચારણાને અંગે અનેક સાધનધર્મોનાં મૂલ્યાંકનો બતાવવામાં આવેલાં

હોય છે. માર્ગાનુસારીના ગુણો, યથાપ્રવૃત્તિકરણ અને અપૂર્વકરણનાં રહસ્યો, દ્રવ્યશ્રાવકત્વ અને ભાવશ્રાવકત્વના ગુણો, દ્રવ્યસાધુતા અને ભાવસાધુતા, અનિવૃત્તિકરણ, કષાયત્યાગ, શૈલેશીકરણ, શ્રાવકના બાર વ્રત, દશ યતિધર્મો, બાર ભાવના, કૈવલ્ય જ્ઞાનદર્શન, મોક્ષપ્રાપ્તિનાં સાધનોની વિચારણા અને આદેયતા બતાવવાને અંગે જ્ઞાન અને ક્રિયાના સહચારની આવશ્યકતા, દર્શન જ્ઞાન ચારિત્રના મોક્ષમાર્ગો, જિનપૂજાના દ્રવ્યસ્તવ, ભાવસ્તવ અધિકાર, ત્યાગનો મહિમા, સંયમના માર્ગો, બાહ્ય અભ્યંતર તપના રસ્તાઓ, આત્મવિકાસ સાથેનો એ પ્રત્યેકનો સંબંધ, નિત્ય નૈમિત્તિક ક્રિયાનો પ્રગતિ સાથે સંબંધ, અધિકારી ભેદે ક્રિયાયોગનું વૈવિધ્ય, યોગના માર્ગોમાં યમથી માંડીને સમાધિપર્યંતનાં અંગો, ઓઘદૃષ્ટિ પછીની આઠ યોગદૃષ્ટિઓ, પડવાઈ થઈ જવાનાં ભયસ્થાનો, ક્રિયામાં સ્ખલના કરનારા કાઠિયાઓ, જાણતાં અજાણતાં થઈ જતા અતિચારો, અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અને અનાચારની સયુક્તિક ફૂલગુંથણી આદિ અનેક બાબતો આત્મવિકાસના સાધનોને અંગે ચેતનને લક્ષ્યમાં રાખીને બતાવવામાં આવેલી હોય છે. આવી રીતે ચાર અનુયોગો પૈકી પ્રસ્તુત વિષયને અંગે આપણે મુખ્યત્વે કરીને દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગના અભ્યાસની પધ્ધતિ પર વિચાર કરવાનો રહે છે. એમાં વિષયો અને વિચારો એટલા બધા આવે છે કે તેનું આવું દિગ્દર્શન કર્યા વગર ચાલીએ તો ગેરસમજુતી થઈ જવા સંભવ છે. આટલી ભૂમિકા કરી અમુક વિષયો બાદ કરી નાખવાની વાતની સ્પષ્ટતા કરી નાખી—જો કે કથાનુયોગના અભ્યાસની પધ્ધતિ પર આડકતરી સૂચના અને તેને અંગે ઉલ્લેખ કરવાનો રહેશે.

## અધિકારી

આ વિષય કોલેજના વિદ્યાર્થીને અંગે લખવાનો હોઈ તેને અભ્યાસ કરાવવાની નજર સન્મુખ રાખવાની છે. માત્ર બાળમાનસ સાથે કામ લેવાનું હોય ત્યારે કેટલીક સુકરતા—સરળતા હોય છે,

ધણુ વૃક્ષ વાળ્યું વળે જેમ વાળો' એ જાણીતી ઉક્તિ છે. નાના બાળકો ઉપર નવા સંસ્કાર પાડવાના હોય છે, એણે સ્વતંત્ર વિચાર કરી નિર્ણય કરેલા હોતા નથી, એ સાચી ખોટી ચર્ચા ઉપસ્થિત કરવા ખાતર તરંગો કરતા નથી અને એની જિજ્ઞાસા નવું જાણવાની હોઈ, એના ઉપર સંસ્કાર પાડવા પ્રમાણમાં સહેલા પડે છે, એ દોરવણીને સ્વીકારે છે, એ આચાર્ય કે શિક્ષકને માન આપે છે અને એ સંસ્કારને વધાવી તેનો સ્વતઃ સ્વીકાર સહેલાઈથી કરી શકે છે.

જેટલી સરળતા બાળમાનસ સાથે અભ્યાસને અંગે પ્રાપ્તવ્ય છે તેટલી સરળતા અઢાર વર્ષની આસપાસના કોલેજમાં ભણતા વિદ્યાર્થી સાથે ન પ્રાપ્ત થાય તે સ્વાભાવિક છે. એ રમતગમતમાં કે બેદરકારીમાં કાળક્ષેપ ન કરે તેટલી તેને અંગે સગવડ છે. તેમ જ એ ઓછાવધતા સંસ્કારવાળો બની ગયેલ હોવાથી ચારિત્રઘડતરને અંગે બાળમાનસ જેટલી સરળતા આપતો નથી. આ તફાવત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે અને તેથી બાળકેળવણીની પધ્ધતિ કરતાં કોલેજ વિદ્યાર્થી માટે જુદા પ્રકારની પધ્ધતિ ગ્રહણ કરવી પડે તેમ છે એ વાત બતાવવા માટે આ તફાવત ધ્યાનમાં રાખવાની ખાસ જરૂરીઆત ધારવામાં આવી છે. આ વિષયને અંગે પદ્ધતિ અને પુસ્તકરચનામાં કેટલોક ફેરફાર કરવો પડશે તે પર આગળ વિચારણા થશે ત્યારે આ વિચારસ્પષ્ટતાનો હેતુ ધ્યાન પર આવી જશે.

## ઉદ્દેશ

અંટલી વાત અધિકારીને અંગે થઈ. ઉદ્દેશને અંગે વિચાર સ્પષ્ટતાની જરૂર છે. સંસ્થાઓને ઉપયોગી કાર્યકર્તાઓ ઉત્પન્ન થાય તે એક ઉદ્દેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ( જુઓ નિબંધની જાહેરાત). આ તો આનુષંગિક લાભ હોઈ શકે. મૂળ તો વિદ્યાર્થીના ચારિત્રઘડતરમાં મદદ કરે એવો ઉદ્દેશ હોવો સંભવિત છે. ચારિત્ર-

શાળી શ્રદ્ધાળુ વિદ્યાર્થી ત્યારપછી સંસ્થાઓને 'ઉપયોગી' થઈ પડે એ સમજી શકાય તેવી વાત છે, પણ એ ઉદ્દેશ ન હોઈ શકે. એ અનિવાર્ય અથવા શક્ય પરિણામ ગણીએ તો તેની માગણી લેખને અંગેની જાહેરાતમાં અસ્થાને ગણાય. એના કરતાં પણ બીજો મુદ્દો જરા વધારે અવ્યવસ્થિત જણાય છે, 'જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિને ખૂબ વેગવાન બનાવી શકાય' એમ જણાવવામાં વિચાર-સંકરતા થઈ ગઇ જણાય છે.

સાહિત્યને કે તત્ત્વજ્ઞાનને કે સંસ્કૃતિને વેગવાન બનાવી શકાય જ નહિ. સાહિત્યમાં, તત્ત્વજ્ઞાનમાં અને સંસ્કૃતિમાં પૂરતો વેગ છે જ, અને તેવો વેગ છે તેથી જ એને જનતા સમક્ષ રજુ કરવા જેવાં અને વિદ્યાર્થીને તે તરફ આકર્ષવા જેવાં ગણ્યાં છે. વિદ્યાર્થી એને શું વેગવાન બનાવી શકે ? એના પ્રસારને અંગે એ ભવિષ્યત્ જીંદગીમાં ફાળો આપે, સાહિત્યનાં સંશોધન, પ્રકાશન કે મુદ્રણને એ મદદ કરે તેથી સાહિત્ય વેગવાન બનાવ્યું ન જ કહી શકાય. તે જ વાત તત્ત્વજ્ઞાનને લાગે છે અને ખરી રીતે સાહિત્યમાં તત્ત્વજ્ઞાનનો સમાવેશ થઇ જાય છે તેથી એ અર્થ વગરનું પુનરાવર્તન છે અને સંબંધ સાથે વિચારતાં બીનજરૂરી જણાય છે. અને સંસ્કૃતિને વેગ વિદ્યાર્થી શું આપે? એટલે આ ઉદ્દેશમાં કાંઈક ક્ષતિ અથવા ઉપરછલ્લાપણું જણાય છે.

નિબંધ માગનારનો આશય એવો જણાય છે કે જૈન સાહિત્ય જેમાં તત્ત્વજ્ઞાનનો સમાવેશ થાય છે તેનો વધારે ઊંડો અભ્યાસ કર-વાની વિદ્યાર્થીમાં તમન્ના અંદરથી જાગે તેની શોધ અને વિચારણા તથા ચર્ચા કરી તેને અંગે થતાં નિર્ણયોનો અમલ કરવામાં કાલે-જમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને ખાસ લક્ષ્યમાં રાખવામાં આવે અને તેનામાં રૂચિ અને પ્રેમપૂર્વક અભ્યાસ કરવાની હોંસ વધે તેવા પ્રકારના અભ્યાસક્રમની પદ્ધતિ યોજનાપૂર્વક રજૂ કરવાની જરૂરીઆત

પર લક્ષ્ય રાખી નિબંધ લખવો. આ ધોરણ અથવા અર્થ બરાબર હોય તો તે અનુસાર આપણે આખો વિષય કૉલેજીઅનોની નજરે વિચારી જોઈએ.

## કૉલેજનો વિદ્યાર્થી

અભ્યાસનો અધિકારી કૉલેજમાં ભણતો વિદ્યાર્થી છે. એણે અત્યાર સુધીમાં સારા લેખકોને વાંચી લીધા છે. એણે શેક્સપિયર, બાયરન, વોલ્ટર સ્કૉટ જેવા કવિઓને વાંચ્યા છે, એણે સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન મેળવી લીધું છે, એણે ગણિત યુક્લિડ અને વિજ્ઞાનના પાઠો સમજી લીધા છે, એણે દુનિયાના ઇતિહાસ થોડાવધતા વાંચ્યા છે, એણે અત્યારનો જનપ્રવાહ કઈ દિશાએ ધસ્યો જાય છે તેનું આછું જ્ઞાન મેળવ્યું છે, એણે ભૂગોળ ખગોળના પાઠો પઢ્યા છે, એણે અભ્યાસ દરમ્યાન અનેક નિબંધો વાંચ્યા છે, લખ્યા છે, ચર્ચ્યા છે, વિચાર્યા છે, એણે અભ્યાસકાળમાં ભાષણો સાંભળ્યાં છે, આપ્યાં અથવા આપવાની તૈયારી કરી છે, એણે જીવનના પ્રશ્નોના કાચાપોચા કે સચોટ નિર્ણયો કરી દીધા છે અને અમુક અંશે ચારિત્ર્યબંધારણ થયું છે, થતું જાય છે અને છતાં હજીએ રચનાત્મક સમયમાં આગળ ધપતો જાય છે; હજી એના ઉપર કારીગીરી થઈ શકે તેવું કાંઇક બાકી રહેલ છે, પણ બાળમાનસની જેમ વાળવા ધારીએ તેટલો પૂરેપૂરો વાળી શકાય એ દશામાં એ રહ્યો નથી; એની ગ્રહણશક્તિ, પ્રેરણાશક્તિ, તુલનાશક્તિ, પૃથક્કરશક્તિ અને સંગ્રહીકરણશક્તિ ખીલ્યા છે, પણ વધારે ખીલવી શકાય તેની શક્યતાવાળા છે, એની કલ્પનાશક્તિ ઘટી છે તેના પ્રમાણમાં એની તર્કશક્તિ વધી છે, એની સ્મરણશક્તિ ઘટી છે તેના પ્રમાણમાં એની ગ્રહણ અને સમજણશક્તિ વધી છે,–આવા અધિકારી ઉપર પડેલા સંસ્કાર સુધારવાના છે અથવા નવા પાડવાના છે એવી ધારણા સાથે અભ્યાસનું કાર્ય હાથ ધરવાનું છે. આવા વિદ્યાર્થીની ધર્મરૂચિ વધે, એને સ્વપરનું ભાન થાય, એને પરભવનો ખ્યાલ

આવે, એને આત્માની અનંત શકિત સમજાય, એને આ જીવનનો ઉદ્દેશ સમજાય, એને આ સંસારયાત્રા સફળ કરવાના સાચા માર્ગો સાંપડે અને એ જીવતરને ફંગોળી જીવનને છેડે હાથ ઘસતો અને કપાળ કૂટતો ચાલ્યો ન જાય અને હારેલા જુગારી જેવી તેની દશા તે વખતે ન થાય, પણ એ પોતાના વિકાસમાં સુયોગ્ય ફાળો આપી પોતાની સુરૂચિ અને સુગંધનો લાભ બની શકતાં ક્ષેત્રોમાં આપી આનંદકલ્લોલ સાથે કર્તવ્યપરિપાલનની શાંત પણ જાગ્રત અનુપલબ્ધિ ( Conciousness ) પૂર્વક એ જાય છે એવો એને ખ્યાલ થાય અને એવી એના સંબંધમાં પ્રતીતિ થાય એવા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ઊભા કરવાનો ઉદ્દેશ સુયોગ્ય છે, કારણ કે આજના કોલેજીઅન તે ભવિષ્યના શહેરી છે, દેશના નેતા છે, જ્ઞાતિના ભૂષણ છે, આપણી આશાના તારલા છે અને ધર્મસ્વરૂપનાં આદર્શ દૃષ્ટાંતો પૂરાં પાડવાની શકયતાવાળા નવ ઘડતરના જવલંત એકમો (units) છે અને સમુચ્ચય દૃષ્ટિએ મહાન સંસ્કૃતિના વારસો હોઈ તેનો ભોગવટો કરવાની શકયતાવાળા છે. આવા વારસદારને અપનાવવાની યુગંધરોની ફરજ છે, વિચારકોની કર્તવ્યભૂમિકા છે, દેશકાળજ્ઞની વિચારણા છે. આ દૃષ્ટિએ આ અધિકારીઓને ધ્યાનમાં રાખી તેમને માટે ધાર્મિક શિક્ષણના પ્રકારો વિચારવાનો આ રીતે આપણને સમયધર્મ પ્રાપ્ત થાય છે.

કોલેજના વિદ્યાર્થીઓ માટે દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગનું શિક્ષણ કઈ પદ્ધતિએ આપવાથી સદર ઉદ્દેશ પાર પડે અને વિદ્યાર્થી સ્વપરને લાભ કરનાર નીવડે એ મુદ્દો ધ્યાનમાં રહે એટલા માટે ઉદ્દેશ અને અધિકારીની આટલી વિચારસ્પષ્ટતા પૃથક્કરણ અને ચોખવટ કરી હવે આગળ વધીએ.

## એનામાં આવેલી વિશેષતાઓ.

કોલેજના વિદ્યાર્થીમાં પોતાની મેળે પોતા માટે વિચાર કરવાની,

સારાખોટાની ચર્ચા કરવાની અને પોતાનો નિર્ણય બતાવવાની આવડત આવેલી હોય છે; એનો દાવો નિડર હોવાનો હોય છે અને પોતાના વિચારને વળગી રહેવામાં એને આનંદ મળતો હોય છે; એનામાં વ્યક્તિત્વ ઘણુંખરૂં આવી ગયેલું હોય છે અને એને સ્થાપન કરવાના પ્રસંગ મળે ત્યારે તે તેનો પૂરતો ઉપયોગ લેખન કે સંભાષણદ્વારા કરે એટલી શક્તિ એનામાં આવી ગઈ હોય છે. એણે ઇતિહાસ, ભૂગોળ વાંચ્યાં હોય છે, એણે વિજ્ઞાનનો ઓછોવધતો અભ્યાસ કરેલ હોય છે અને એણે નાના મોટા વિષયોનું ઉપરચોટિયું જ્ઞાન તો ઘણું મેળવેલું હોય છે. કોઇ કોઇ વિષયમાં એનામાં જાણપણું વધારે પણ હોય છે, પણ જેને તલસ્પર્શી જ્ઞાન કહેવામાં આવે છે તેની કદાચ ગેરહાજરી પણ હોય છે, પણ એને સવાલો ઘણા થાય છે અને તેના જવાબ તેને સંતોષકારક ન મળે તો એ સવાલોના જવાબ આપી શકાણા નથી એમ બતાવી શકે છે અથવા નવા પ્રશ્નોની પરંપરા ચાલુ રાખી જ્ઞાન આપવા આવનારને મુંઝવી શકે છે અને દરેક સ્થાન પર નય, પ્રમાણ જ્ઞાનના પારંગામી ન્યાયશાસ્ત્રના અભ્યાસી અને આગમના અનુભવી જવાબ આપનાર ન મળે તો કેટલીકવાર કચવાટ અને અનેક વાર ગેરસમજુતી ઊભી થવાનો સંભવ રહે છે.

નાની વયના કે હાઈસ્કૂલના અભ્યાસીને અભ્યાસ કરાવવાની વાત તદ્દન જુદા પ્રકારની છે. કોલેજના વિદ્યાર્થી સાથે અભ્યાસનું કામ લેતા બહુ ફેરફારવાળી પદ્ધતિ સ્વીકારવી પડે તેમ છે અને તેથી અધ્યાપક કેવા હોવા જોઈએ તે વાત પ્રાસંગિક ગણી તેને પ્રથમ જોઈ જઈએ, એટલે એની સાથે પદ્ધતિનિર્ણયના કેટલાક મુદ્દાઓ તો જરૂર આવી જશે. અભ્યાસ કરાવનારની આ બાબતમાં તૈયારી પૂરતી ન હોય તો તેનાં કેવાં પરિણામ આવે તે પણ વિચારવા યોગ્ય પ્રશ્ન છે.

### અધ્યાપકની તૈયારી–યોગ્યતા

લક્ષ્યમાં રહે કે કોલેજમાં ભણનાર વિદ્યાર્થી તે તે વિષયમાં

પરિનિષ્ણાત પ્રોફેસર (અધ્યાપક) પાસેથી જ્ઞાન લેવા ટેવાઇ ગયેલા હોય છે. એના અભ્યાસ માટે અર્ધ તૈયારીવાળા કે વગર તૈયારીએ માત્ર સૂત્રાંઓનો શુદ્ધ ઉચ્ચાર કરી કરાવી શકનાર અધ્યાપક ન ચાલે. અધ્યાપકમાં વિજ્ઞાનનું જ્ઞાન પણ યથાસ્થિત હોવું જોઇએ. એને અટ-પટા સવાલો નવયુગનો વિદ્યાર્થી પૂછે ત્યારે એને સંતોષ થાય તેવાં પદ્ધતિસરના જવાબ આપવાની એનામાં આવડત અને તૈયારી હોવી જોઇએ. એની એ ઉપરાંત અમુક સવાલ અટપટા કે ગુંચવણભરેલા લાગે ત્યાં એ સવાલોનો જવાબ પોતે આપવા તૈયાર નથી પણ વધારે અભ્યાસ કરીને જવાબ આપવાની હકીકત કહેનાર સબળ અધ્યાપકની જરૂર છે. જવાબ ન આપી શકાય 'ત્યાં તત્ત્વ કેવળીગમ્ય' એમ કહેવાની પૂર્વ કાળની રીત અથવા 'હું વધારે તપાસ કરી જવાબ આપીશ' એમ કહેવાની આધુનિક રીતિ સમજી શકે, જેણે માનસશાસ્ત્ર (Psychology) અને ન્યાય(Logic)નો પ્રાચીન અને નવીન રીતે અભ્યાસ કર્યો હોય, જેનું ચારિત્ર અત્યંત આદર્શમય હોય, જેની મુખમુદ્રા સૌમ્ય હોય, જેના ચારિત્રબળની છાયા અભ્યાસ કરનાર પર પડી શકે તેનું હોય તે જ આવા અધ્યાપક થઇ શકે અને એવા અધ્યાપકના હાથ નીચે તૈયાર થયેલા વિદ્યાર્થી સ્વપરનું શ્રેય કરી શકે અને ધારેલ પરિણામ નીપજાવી શકે.

અધ્યાપકમાં પ્રાચીન આદર્શો તરફ પ્રેમ હોવો જોઇએ અને નવયુગના આદર્શો સાથે એને સમન્વય કરતા આવડવો જોઇએ, એને વિદ્યાર્થી તરફ પ્રેમ અને વાત્સલ્ય જોઇએ અને એની અસ્થિ-મજ્જાએ ધર્મ પ્રગટેલ હોવો જોઇએ. ધર્મના તત્ત્વસ્વરૂપ અને ક્રિયા-વિભાગમાં કોને કેટલું મહત્વ આપવું તેની તેમનામાં તુલનાત્મક શક્તિ જોઇએ અને પૂછાતાં પ્રશ્નો કે અપાતા પાઠોને અંગે પૃથક્કરણ શક્તિ તેનામાં ખૂબ ખીલેલ હોવી જોઈએ. એ ઉપરાંત એને વિવેચક દષ્ટિએ બતાવવાની પણ એનામાં શકિત હોવી જોઇએ. સમજણશકિત

અને દર્શકશક્તિ ( exposition ) વચ્ચે ઘણો ફેર છે. એક વ્યક્તિ પોતે મનમાં સમજી શકે, પણ સમજાવી ન શકે, એવી વ્યક્તિ પોતા માટે ઠીક છે, પણ અધ્યાપક તરીકે કાર્ય કરવા માટે લાયક ન કહી શકાય.

સર્વથી વધારે અગત્યની વાત અધ્યાપકમાં અભ્યાસ ઉપરાંત રસોત્પાદનની આવડતની છે. એને પોતાને ભણાવવામાં રસ જોઈએ, તે ઉપરાંત વિષયને રસદાર બનાવવાની નૈસર્ગિક કળા જોઈએ. એ આકરી લાયકાત છે, પણ ખાસ જરૂરી છે અને પ્રયત્નથી પ્રાપ્ય છે. કોઈ પણ સંયોગોમાં એ અધ્યાપક આવેશમાં આવી જનાર ન હોવો જોઈએ. તમે નાસ્તિક છો, પાપી છો, અક્કલ વગરના છો કે એને મળતા જવાબ આપવાની જેને ટેવ હોય તે કોલેજના વિદ્યાર્થીને અભ્યાસ કરાવી શકે નહિ અને બીજી આવડત કે લાયકાત તેનામાં હોય તો પણ તે સુયોગ્ય વાતાવરણ જમાવી શકે નહિ. આટલા માટે શિક્ષક અભ્યાસી અને શાંત હોવા જોઈએ.

શિક્ષક ત્યાગી હોય તો બહુ સારી વાત છે, પણ ત્યાગી સાધુઓ એક સ્થાને દીર્ઘકાળ રહે નહિ અને એમના અભ્યાસ, પદ્ધતિ અને સમય નવયુગના માટે સગવડભરેલા નીકળવા સંભવિત ન હોઈ, પ્રોફેસરની યોગ્યતાવાળા સાંસારિક શિક્ષકને રાખવા વધારે અનુકૂળ પડે. તેને માટે તેનો પગાર પણ બહુ સારો આપવાની વ્યવસ્થા કરવી ઘટે. ઘણુંખરૂં પગારની કે માનવેતનની વાત આવે ત્યારે જૈનોમાં સંકુચિતતા દેખાય છે, એ પદ્ધતિ ઠીક નથી. આપણે સારૂં કામ કરનાર માણસો જોઈએ તો તેને પેટપૂર અને તેના સ્થાનને યોગ્ય બદલો તો જરૂર આપવો જોઈએ. ઉદરનિર્વાહ અને માન-સરનું જીવન એ ચાલુ રહે તો જ તેઓ સમાજને કામ આપી શકે. સારી સ્થિતિવાળા કે વાનપ્રસ્થ થયેલા ભાઈઓ માટે આ પ્રશ્ન નથી કે ઉચ્ચ અભ્યાસી ધનવાન બહેનોને અંગે આ સવાલ નથી, પણ

સામાન્ય ધોરણે અધ્યાપકના પગાર કે વેતનને અંગે જે દષ્ટિ જૈન સમાજમાં હાલ બતાવાય છે તે દષ્ટિ સમિચિન નથી. એમાં આપણે ખરા કામગરા માણસને મેળવી શકતા નથી અને મેળવી જઇએ તો તેને ટકાવી શકતા નથી. એ વધારે સારા ધંધા કે વ્યવસાયના શોધખોળમાં રહે છે અને પરિણામે એની એકાગ્રતા અધ્યાપન કાર્ય તરફ રહેતી નથી અને પરિણામ જોઇએ તેવું આવી શકતું નથી.

અધ્યાપકની યોગ્યતાનો વિચાર કરીએ ત્યારે આપણે નવયુગને કેવો કરવા માગીએ છીએ તે વાત નજર સન્મુખ રહેવી જોઇએ. જો આપણે શુદ્ધ પડિક્કમણું ભણાવનાર કે દરરોજ બે વખત દેરાસર જઇ સારૂં સ્તવન બોલનાર નવયુગ જોતો હોય તો તો અત્યારે ચાલતી લગભગ એક હજાર પાઠશાળાઓ પૂરતી ગણાય તેમ છે, પણ આપણે જૈન ધર્મના સંદેશા જગતને પહોંચાડવા હોય, જૈન ધર્મના વિશિષ્ટ તત્ત્વો દુનિયાને બતાવવા હોય, જૈન ધર્મ વિશ્વધર્મ તરીકે સ્વીકારાય એવી શકયતા બહાર લાવવી હોય, જૈનના આદર્શ ગુણોને પૂરતી મહત્તા આપી તેને જીવનમાં જીવી આદર્શ તરીકે બહાર લાવી શકે એવી વ્યવહારકૌશલ્યશ્રેણિ રજુ કરવી હોય, એનો મહાન ઇતિહાસ જગત સન્મુખ રજુ કરવો હોય, એની કળાઓની છણાવટ જનતા સમક્ષ રજૂ કરવી હોય, એના વિશાળ કથાનુયોગનાં ચિત્રપટો જનતાને બતાવવાં હોય, તો તે કરાવી શકે તેવા શિક્ષકો વગર તે કાર્ય નહિ બની શકે, તેવું પરિણામ નહિ નીપજાવી સકાય, ધર્મના ડંકા મોટા અવાજથી વગડાવી નહિ શકાય. છતાં ગભરાવાનું કાંઇ કારણ નથી. ચાલે છે તેવું ચાલ્યા કરશે અને પડતાં આખડતાં પાંચમા આરાને છેડે પહોંચી જવાશે. સંખ્યાબળમાં વધારો કરવા માટે દુનિયાની ગુલામગીરી દૂર કરવાના રસ્તા જૈનનો અહિંસા માર્ગ બતાવશે એ વાતની સ્થાપના કરવા માટે તો આદર્શ અધ્યાપકની અનિવાર્ય જરૂર છે અને તેવા અધ્યાપકને તૈયાર કરવાની ફરજ પ્રથમ આપણા ઉપર રહેશે.

અને એ કાર્ય મુશ્કેલ પણ નથી અને અશક્ય પણ નથી. માત્ર શિક્ષક-ને તૈયાર કરવામાં યોગ્ય પ્રકારના માણસો શોધવાની જરૂર ઉપરાંત એના વેતનની બાબતમાં ખૂબ ઉદારતા અને લાંબી નજર રાખવી પડશે. અભ્યાસ-ની બાબતમાં નવયુગે જે શક્તિ દાખવી છે, પરીક્ષાનાં પરિણામોમાં તેઓએ અન્ય સમાજની સાથે ઊભા રહેવામાં હરીફાઇને અંગે જે સ્થાનો મેળવ્યાં છે અને વકતૃત્વ, કૌશલ્ય અને સ્નેહસંમેલનોમાં તેમણે જે સ્થાનો પ્રાપ્ત કર્યાં છે તેનો લાંબી નજરે વિચાર અને અવલોકન કરતાં તેમનામાં આવડત અને યોગ્યતા તો જરૂર છે એમ એકંદરે કહી શકાય તેમ છે. એને યોગ્ય ઉત્તેજન મળે અને એની પાસેથી કામ લેતાં આવડે તો એ સારો અધ્યાપક પણ બની શકે એવા અનેક દાખલા એણે બતાવ્યા છે અને તે અત્યારે મોજુદ છે. માત્ર સવાલ, યોજના ગોઠવણ, ઉદારતા અને વ્યવસ્થાનો જ રહે છે. સારો ખર્ચ કર્યા વગર સારી તૈયારી તો નહિ જ થાય, અને એ દષ્ટિએ તો અત્યારની સ્થિતિ ચલાવી લેવા યોગ્ય નથી.

## અભ્યાસના વિષયો

શરૂઆતમાં જોઇ ગયા તેમ આપણે વિદ્યાર્થીઓને દ્રવ્યાનુયોગના વિષયો સારી રીતે શીખવવા જોઇએ. સાથે ધ્યાનમાં રાખવાનું કે કોલેજનો અભ્યાસ પણ બહુ આકરો હોય છે, એમાં અભ્યાસ અને પ્રયોગશાળાનું કાર્ય વિદ્યાર્થીઓ પર સારી રીતે બોજો મૂકનાર હોય છે એટલે કોલેજ અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીઓ દરરોજ માત્ર એક કલાક ધાર્મિક અભ્યાસ માટે ફાજલ પાડી શકે. એ ઉપરાંત રજામાં તેમને વધારે સમય મળે ખરો, પણ રજામાં તો કોલેજ બંધ થવાને કારણે કલાસવાર અભ્યાસ ન થઇ શકે. એ વખતે તેઓ જાતે વાંચી શકે તેવું હળવું સાહિત્ય તેમને જાતે વાંચવા આપી શકાય. અને તેવે વખતે વાંચવાના પુસ્તકોની તૈયારી કરવી રહે. એમાં દ્રવ્યાનુયોગ જેટલું જ મહત્વ કથાનુયોગ અને ઈતિહાસને

પણ રહે. આ બાબત હાથ ધરવાની રહી છે. આવા પુસ્તકો લભ્ય છે અને વધારે તૈયાર કરાવી શકાય તેમ છે. એ અભ્યાસ પૂરવણીરૂપે થઇ શકે. આપણે કોલેજમાં ભણતા વિદ્યાર્થીને ચાર વર્ષમાં શું અને કઇ રીતે શીખવવું અને જેને ચારથી વધારે વર્ષ થાય તેને આગળ શું શીખવવું તેનો ક્રમ વિચારી લઇએ.

## રવિવારનો ઉપયોગ

એ વિચારણા સાથે એક વાત કરી લઇએ. દર રવિવાર રજાનો રાખવો, તે દિવસે વિદ્યાર્થી પાસે સામાયક કરાવવાનું ધોરણ રાખવું, સામાયકમાં હેતુ, અર્થ અને રહસ્ય વિચારણા સાથે એમને પ્રતિક્રમણ સમજાવવા અને જે તૈયાર થયા વગર કોલેજ સુધી પહોંચી ગયા હોય તેમને સૂત્રોના મુખપાઠ પણ કરાવવા. અર્થ અને સમજણપૂર્વક આ ક્રિયાયોગનો પાઠ કરાવવામાં વિદ્યાર્થીને ખબ આનંદ લાવી શકાશે અને રજાનો દિવસ હોવાથી બોજારૂપ નહિ થાય, એટલું જ નહિ પણ વિદ્યાર્થી ઉપર વ્યકિતગત ધ્યાન આપી શકાશે. એમાં એને દ્રવ્યસ્તવ, ભાવસ્તવ, દ્રવ્યપૂજા, ભાવપૂજાનાં રહસ્ય, સામાયક પૌષધની મહત્તા, ક્રિયા કરવામાં રાખવી જોઇતી શુદ્ધિ અને એને અંગે થતાં મન અને વચન કાયાના દોષને અંગે રાખવાની ચેતવણી અને પ્રત્યેક કાઉસગ્ગની ઉપયુક્તતા અને આખા ક્રિયાયોગનું મહત્ત્વ બહુ સારી રીતે સમજાવી ઠસાવી શકાય, અને પ્રતિક્રમણના રહસ્યો રજૂ કરી શકાય.

આ ક્રિયા યોગ્યતા અને ક્રિયામાં રસ ઉત્પન્ન કરવા માટે નવયુગને સમજનાર અને નવયુગના ઘડતરમાં રસ લેનાર અભ્યાસી સાધુની ઉપલબ્ધતા હોય ત્યારે તેમની પણ સહાય લઇ શકાય, કારણ કે અભ્યાસી સાધુ આવા વિષયમાં વિશાળ નજરે અભ્યાસ કરાવી શકે. દરેક સાધુથી આ કાર્ય ન બને, પણ જેને રહસ્ય સમજાયું હોય અને સમજાવતા આવડતું હોય, જેણે નવયુગની ભાવનાનો સહાનુભૂતિથી અભ્યાસ કર્યો હોય અને જેણે અન્ય ધર્મોની બાહ્યક્રિયાઓ

જોઈ હોય, જેને નવયુગના ઉત્થાનમાં પ્રેમ, રસ અને ભવિષ્યત્ દૃષ્ટિ હોય અને જે વિજ્ઞાન અને જ્ઞાનની એકવાક્યતા સાધવાની આવડતવાળા હોય. તેઓ એક શહેરમાં થોડો વખત રહે તો પણ તેમના રહેવાસ દરમ્યાન ઘણું કરી શકે. આવા સ્થાનમાં અભ્યાસ કરાવવા જતાં કે તેમાં રસ લેતાં સાધુપદને હાનિ લાગે છે એવી પ્રચલિત માન્યતા અસ્થાને છે અને પ્રગતિને રૂંધનાર છે. સાધુઓમાં જેને શિક્ષણ કે ઉપદેશનું કાર્ય બેસી ગયું હોય તેમણે સામે જઈ અભ્યાસ કરાવવામાં કે ઉપદેશ આપવામાં સાધુપદનું ગૌરવ વધે છે અને એ વાતનો વિચાર સ્વીકારાઇ જાય તો તો તેમના ત્યાગ અને વેશને જે સન્માન ઘટે છે, તદ્યોગ્ય વ્યવસ્થાની શકયતા છે અને એમાં ઘણો લાભ દેખાય છે અને ધારી અસર ઉપજાવી શકાય તેટલી તે પદમાં શકયતા છે.

**અભ્યાસક્રમ**

(૧) રવિવાર માટે યોજના (પ્રથમ બે વર્ષ માટે)

અભ્યાસક્રમ અને પદ્ધતિનો નિર્ણય કરવાને અંગે કોલેજના અભ્યાસ સાથે ધાર્મિક શિક્ષણ આપવાનું હોય તો તેમાં અઠવાડિયામાં ૭ કલાક મળે અને એ રીતે પ્રથમ સત્રમાં ૭૦ કલાક અને બીજા સત્રમાં ૬૫ કલાક મળે. એમાં તહેવારના દિવસો અને રવિવાર ગણવામાં આવ્યા નથી. રવિવારનો ઉપયોગ ક્રિયાજ્ઞાન માટે તારવી લેવાનો છે. અને તે દિવસે સામાયક કરવા ઉપર ધ્યાન આપવાનું છે. તે ઉપરાંત ચૌદશને દિવસે પ્રતિક્રમણ કરવાની યોજના કરી શકાય. પ્રતિક્રમણની આખી વિધિ હેતુ અને રહસ્ય સમજાવવાનું કાર્ય પ્રતિક્રમણ પહેલા થઈ શકે. આથી પ્રાયોગિક જ્ઞાન પણ થઇ જશે અને હેતુ વિધિ સ્પષ્ટોચ્ચાર અને રહસ્યવિચારણા સાથે ક્રિયારુચિ થઇ જશે. એ ઉપરાંત રવિવારના કલાકનો ઉપયોગ દ્રવ્ય પુજા બાહ્યશુદ્ધિ દેવવંદન અને ગુરૂવંદન ભાષ્યના રહસ્યો નાની પુસ્તિકા તૈયાર કરીને વંચાવવા, દસાવવા અને દ્રવ્ય તે ભાવ નિમિત્ત કેવી રીતે થાય છે તે તેમાં

બતાવવું. દશ ત્રિક, પાંચ અધિગમ, ગુરુવંદનવિધિ, દ્વાદશાવર્ત વંદન આદિનું સ્વરૂપ સમજાવવા માટે નાની પુસ્તિકાઓ તૈયાર કરાવવી. આ જ્ઞાન સુગમ છે. ખાસ કરીને મુહપત્તિનું પડિલેહણ સોએ નવાણુંને આવડતું નથી અને એનું રહસ્ય કે એના બોલો અને તેનો મહિમા સમજનાર તો બાકીના એક ટકામાંથી પણ ભાગ્યેજ પાંચ ટકા હશે. એ પ્રયોગ કરીને બતાવવા યોગ્ય છે, સામે બેસારીને શીખવવા યોગ્ય છે અને પદ્ધતિસર તૈયાર થયેલને હસ્તામલક જેવું છે. અભ્યાસ અને ક્રિયામાં રસ ઉત્પન્ન કરવા માટે પ્રેમ, સહાનુભૂતિ અને ઊંડો અભ્યાસ હોય તો એ કાર્યમાં મુશ્કેલી જણાતી નથી અને સારા અભ્યાસી આ વિષયની પુસ્તિકા તૈયાર કરે એમાં મોટી ગુંચવણ પડે તેમ લાગતું નથી.

આ રીતે રવિવારનો ઉપયોગ પ્રથમ વર્ષમાં ક્રિયાશુદ્ધિ સામાયકની ક્રિયા દેવવંદન અને ગુરુવંદનના કાર્યને અંગે પ્રયોગ અને પુસ્તિકાદ્વારા કરવાનો રહ્યો. એ કાર્ય સરળતાથી કરી શકે તેવા તંત્રો મળી શકે તેમ છે અને રસોત્પત્તિ તો આવડત ઉપર આધાર રાખે છે. એની શક્યતા અને સુકરતા ભાષા પર કાબૂ અને કરનારની સ્પષ્ટ વિચારણાશક્તિ માગે છે એટલું જ નહિ પણ વિવેચકશક્તિ, આવડત અને દોરવણીને અવલંબે છે.

**સામાયક પ્રતિક્રમણ દેવવંદન અને ગુરુવંદનનું જ્ઞાન રહસ્ય સાથે આ રીતે પ્રથમ વર્ષમાં આપી શકાય.**

**રવિવારનો ઉપયોગ. (બીજે વર્ષે)**

બીજે વર્ષે પચ્ચખ્ખાણનું રહસ્ય, ઉપયુક્તા, ચાર આહારનું સ્વરૂપ, ભક્ષ્યાભક્ષ્યનું સ્વરૂપ, વિગયનું સ્વરૂપ, તેનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ અને પચ્ચખ્ખાણનો સ્વાસ્થ્ય, શાંતિ, એકાગ્રતા અને વિજ્ઞાન સાથે સંબંધ બતાવવાની પુસ્તિકા તૈયાર કરવાનો અને તેનો અભ્યાસ કરાવવાનો છે. પચ્ચખ્ખાણ ભાષ્ય અને બીજા વિશિષ્ટ ગ્રંથોમાંથી

તારવણી કરી વિજ્ઞાન અને વૈદકનો અભ્યાસી આ વિષયને ખૂબ રસપ્રદ કરી શકે તેમ છે. પ્રથમ વર્ષમાં દેવગુરુવંદનને અંગે કોઇ કામ બાકી રહી ગયું હોય તો તેની વ્યવસ્થા આ બીજા વર્ષમાં કરવી, પણ બીજા વર્ષની આખર સુધી દેવપૂજન, ગુરુવંદન, પચ્ચખ્ખાણ, સામાયક, પ્રતિક્રમણનું ઊંડું જ્ઞાન વિદ્યાર્થીને આપવાની યોજના કરવી જોઇએ. આ રીતે પદ્ધતિસર અભ્યાસ કરાવવાથી ગોખવાની જરૂર નહિ રહે અને હેતુ રહસ્ય અને વિધિ સમજેલ વિદ્યાર્થીના સંસ્કાર ચાલુ રહેશે અને એ એનામાં કાયમી થઈ એના જીવનનો ભાગ બનશે એટલે એને દ્રવ્ય ભાવ નજરે આ ભવ પરભવમાં લાભ કરનાર નીવડશે અને સંસ્કાર દૃઢભૂમિ કે પાકા પાયા પર રચાયેલ હોઇ ઊંડું સ્થાન મેળવશે અને ફરજરૂપે તેના પર લાદેલ ન હોઈ, એનામાં ઊંડાણથી રસ ઉત્પન્ન કરનાર નિવડશે. આ પ્રથમ બે વર્ષનો રવિવારનો પ્રયોગ શક્ય છે તેટલો જ તે અભ્યાસ, આવડત અને દક્ષતા માગે છે. એને મરજીઆત બનાવવાથી એને અંગે જે માનસિક કટુતા થવાથી શક્ય ફરિયાદ રહે છે તેનો નાશ થઇ જશે અને કેળવણી લેનાર અને આપનારનો આશય સફળ થશે. સફળતાનો આધાર પુસ્તિકાઓ તૈયાર કરનારની દીર્ઘદર્શિતા, મનુષ્ય માનસનો અભ્યાસ, વિજ્ઞાન સાથે સમન્વય કરવાની તુલનાશક્તિ અને નવયુગને સમજવાની અવલોકનશક્તિ પર રહેશે. પણ યોગ્ય વિચારણા અને વ્યવસ્થા કરવામાં આવે એની શકયતા કે પારંગમિતા માટે બે મત પડે તેમ નથી.

## રવિવારના અભ્યાસમાં સાધુઓનો સહકાર

આ રવિવારના કાર્યને અંગે સાધુઓ વધારે ઉપયોગી થઈ પડે, કારણ કે કોલેજના અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસ રાત્રે જ કરાવી શકાય તેમ છે. સવારની દોડાદોડ, લેબોરેટરીના પ્રેકટીકલ અને ડાક્તરી ઇજનેરી લાઇનના સમયપત્રક જોતાં ધાર્મિક અભ્યાસની શકયતા રાત્રે જ છે અને સાધુઓ રાત્રે અભ્યાસ કરાવવાનું કામ હાથ ધરી

શકે નહિ, પણ રવિવારને દિવસે તો સાધુમહારાજ જરૂર પોતાની વિદ્વત્તાનો લાભ આપી શકે. એટલે જે સાધુઓ નવયુગના અભ્યાસી હોય, જેણે વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય, જે સમન્વય કરી જાણતા હોય, જેને નવયુગના સંસ્કાર અને આદર્શો તરફ સહાનુભૂતિ હોય, જેઓ રાષ્ટ્રિય આંતરરાષ્ટ્રિય અને વિશ્વ વિશાળ ભાવનાનું રહસ્ય પૃથક્કરણ દૃષ્ટિએ કરી શકતા હોય અને જે નવયુગ ઉપર ધર્મ સંસ્કાર પ્રગતિ અને સ્થિતિનો સંબંધ વિચારી શકતા હોય તેનો રવિવારને અંગે ખાસ લાભ લેવા જેવું છે અને તેમને પોતાની આવડતશક્તિ અને જ્ઞાનનો લાભ આપવાની તક આપવા જેવી છે. એમાં સર્વ સાધુને સ્થાન ન જ હોવું જોઇએ, પણ નવયુગને સમજનારને વિજ્ઞાન કળાને વરેલાને અને લાંબી નજરે ધર્મપ્રગતિ કરવાની હોંસવાળા સાધુને જરૂર સ્થાન છે.

પ્રથમના બે વર્ષમાં રવિવારનો ઉપયોગ કેવી રીતે કરવો તે વાત વિચારી. બાકીના બે વર્ષના રવિવારની વાત હાલ જરા મુલતવી રાખી ચાલુ અભ્યાસમાં ૬૫–૭૦ દિવસોમાં શું શીખવવું અને કેમ શીખવવું તેનો પ્રથમ વિચાર કરવો પ્રાસંગિક છે. છેવટે બાકીના વર્ષોના રવિવારનો વિચાર કરશું.

આ વિચારણા કોલેજમાં ભણનાર વિદ્યાર્થીને અંગે થઈ છે. જેઓ કોલેજમાં ભણતી વખતે કાં તો જૈન કોલેજમાં અભ્યાસ કરતાં હોય અથવા કોઈ જૈન બોર્ડિંગ કે વિદ્યાલયમાં અથવા હોસ્ટેલમાં સમૂહ તરીકે સાથે રહેતા હોય તેને અંગે થઇ છે. છૂટાછવાયા કોલેજમાં અભ્યાસ કરતાં અને પોતાને ઘેર કે કોલેજની રેસીડેન્સીમાં રહેનાર વિદ્યાર્થી માટે અલગ વિચારણા અભ્યાસપદ્ધતિને અંગે છેવટે કરવામાં આવશે.

### અભ્યાસક્રમ–ચાર વર્ષ માટે ( રવિવાર સિવાય )

અભ્યાસ કરાવવાનો આશય જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનો સામાન્ય બોધ થાય અને વિશેષ જાણવા માટે જિજ્ઞાસા તથા રુચિ

જાગ્રત થાય તથા ધર્મ સંસ્કાર દૃઢ થાય તે હોવાથી આપણે અહીં ચાર વર્ષનો અભ્યાસક્રમ અને તેની પદ્ધતિ વિચારી જઇએ. આપણે ધારી લઇએ કે વિદ્યાર્થીએ કોઇ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ લીધું નથી અને એને અંગે આપણે એકડે એકથી શરૂઆત કરવાની છે. સંસ્થાઓના વિદ્યાર્થી કોલેજમાં આવે તેઓ ધર્મનો ઓછોવધતો અભ્યાસ કરીને આવેલા હોય છે. દાખલા તરીકે બાળાશ્રમ, બોર્ડીંગ, ગુરુકુળ વગેરે સંસ્થાના સંચાલકોએ અભ્યાસક્રમ કરેલ હોય છે અને ત્યાં બાળપણથી સારા સંસ્કાર પણ વિદ્યાર્થીમાં પડેલા હોય છે. આવી પ્રાથમિક સંસ્થાઓ વિદ્યાર્થીમાં ધર્મપ્રેમ ઉત્પન્ન કરવાને અંશે ઘણો ફાળો આપી શકે, કારણ કે બાલ્યકાળમાં બહારની અસર કાયમ થાય તો માર્ગ સીધો સરળ અને આંટીઘુંટી વગરનો થાય છે. જ્યારે આવા પ્રકારની સંસ્થાઓ ગામે ગામ થશે, એટલે કે જ્યાં જ્યાં હાઇસ્કૂલો હોય ત્યાં ત્યાં સંસ્થાઓ થઇ જશે અને તેનો અભ્યાસક્રમ એક સરખો ગોઠવાઇ જશે ત્યારે આ નીચેના અભ્યાસક્રમ અને પદ્ધતિમાં મોટા ફેરફાર કરવાનો રહેશે અને ત્યારે તો આખો ધાર્મિક અભ્યાસનો પ્રશ્ન ઘણો સરળ થઈ જશે કારણકે પછી પ્રાથમિક કાર્યની રચના તો ત્યાં થઇ ગઈ હશે અને સાહિત્ય અને તત્ત્વજ્ઞાન તથા ક્રિયારૂચિ ઉત્પન્ન થઇ ગઈ હોવાના પરિણામે પાકા પાયા ઉપર ચણતર કરવાનું કામ વધારે સહેલું અને દઢતર થઇ શકશે.

પણ અત્યારે તે વાત બની શકે તેમ નથી. અત્યારે હાઇસ્કૂલોને અંગે કાર્ય કરનાર બોર્ડીંગ, ગુરુકુળ કે બાળાશ્રમોની સંખ્યા વસતિના પ્રમાણમાં ઘણી નાની હોઇ, અને તેનો અભ્યાસક્રમ એક સરખો ન હોવાને કારણે અને ચાલુ ધાર્મિક પાઠશાળાઓની સંખ્યા સારી હોવા છતાં અભ્યાસક્રમ ધોરણસરનો ન હોવાને કારણે હાલ તો નવેસરથી કોલેજમાં અભ્યાસ કરાવવાનું ધોરણ સ્વીકારી ચાલવું પડે તેમ છે. છતાં વિષયાંતર થતું ન હોય તો બાલ્યકાળમાં એક સરખો અભ્યાસ કરાવવાની યોજના કરવા જેવું છે અને તેમ થાય તો દૃઢ સંસ્કાર

અને સાહિત્યપ્રેમની ભાવનાને ગતિ મળે તેમ છે એટલું અત્ર જણાવવું સ્થાને ગણાશે. એવા પ્રકારની અભ્યાસક્રમની યોજના થાય ત્યારે ઉચ્ચ કૉલેજના અભ્યાસની પદ્ધતિમાં મોટો ફેરફાર કરવો પડે તેમ છે, અને પરિણામની નજરે એ કાર્ય ઘણું સુંદર અને આનંદપ્રદ થઇ પડવાની સંભાવના દેખાય છે. અત્યારનો વિદ્યાર્થી વર્ગ આવા સંસ્કાર વગરનો છે એમ ધારી આપણે કામ લઇએ તો યોગ્ય ગણાય, કારણ કે આવા સંસ્કાર લઇને આવેલા વિદ્યાર્થીની સંખ્યા બહુ અલ્પ હોવાને કારણે તેની ગણતરી કરવા જેવું નથી, અને તેના ઉપર ગણતરી બાંધી અભ્યાસક્રમ ગોઠવવા જેવું નથી.

**પ્રથમ વર્ષ:** કૉલેજમાં દાખલ થયેલ વિદ્યાર્થી એક સંસ્થામાં સાથે રહે છે એમ આપણે ધારીએ, તો તેમને સમૂહશિક્ષણ કઇ રીતે અપાય તેની વિચારણા થઇ શકે. વૈયક્તિક અભ્યાસક્રમની ગોઠવણ બીજી રીતે કરવી પડશે, કારણ કે સર્વ વિદ્યાર્થી સમૂહમાં રહેતા નથી. પોતાને ઘેર રહી અભ્યાસ કરનાર, સર્વ સામાન્ય હૉસ્ટેલ કે કૉલેજની રેસિડન્સીમાં રહી અભ્યાસ કરનારમાં ધર્મરૂચિ જાગ્રત કરે તેવો અભ્યાસક્રમ આપણે આગળ ઉપર વિચારવાનું રાખી હાલ પ્રથમતઃ જૈન બોર્ડીંગમાં સાથે રહી અભ્યાસ કરનાર માટેનો કાર્યક્રમ ગોઠવીએ અને તેને દરરોજ એક કલાકનો સમય ધાર્મિક અભ્યાસ માટે ફાજલ પાડી શકાય તેમ છે તે ધોરણે વ્યવસ્થા કરીએ તો પ્રથમ વર્ષમાં નીચેનો અભ્યાસક્રમ પદ્ધતિસર કરાવવાની વ્યવસ્થા સૂચવી શકાય.

પહેલા વર્ષમાં માત્ર નોટો લખાવવી અને તેમાં આત્મા, આત્માની અસ્તિતાનાં કારણો, જીવઅજીવનો સંબંધ, જીવ અજીવના ભેદો, નવતત્ત્વો અને તેને અંગે સામાન્ય બોધ થાય તેવી બાબતો આપવી. નવતત્ત્વમાં પુણ્ય પાપની વાતો આવે ત્યાં એનાં કારણોમાં નીતિ ભાગ આવી જાય, આશ્રવ સંવરમાં પાપસ્થાનકો, ભાવનાઓ યતિધર્મો આવી જાય, સાથે માર્ગાનુસારીપણાથી માંડીને બાર વ્રત

સુધીનો નીતિવિભાગ આવી જાય, પચીસ ક્રિયામાં આરંભ સમારંભ અને સર્વ ક્રિયા–વર્તનની વાત આવી જાય, બંધમાં કર્મનું સામાન્ય સ્વરૂપ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ બંધનું જ્ઞાન અપાય, નિર્જરામાં બાહ્ય અભ્યંતર તપના હેતુ, પ્રકાર અને ભેદોપભેદની વાતનું પ્રાથમિક જ્ઞાન મળે, મોક્ષ તત્ત્વની વિચારણામાં ત્યાંનાં સુખ, તેનાં કારણો, તે પ્રાપ્ત કરવાના રસ્તાઓ અને ગુણસ્થાનક્રમારોહની વ્યવસ્થા સમજાવવાની રહે. આમાં સાથે સાથે સૃષ્ટિકર્તૃત્વનો પ્રશ્ન, સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેનાં લક્ષણનું જ્ઞાન અને સડસઠ બોલની ટૂંકી નોંધો બતાવી શકાય. આટલા પ્રાથમિક તત્ત્વના બોધ માટે પુસ્તિકાઓ લભ્ય છે, પણ ખાસ કોલેજમાં ઉપયોગી થાય તેવી તૈયાર કરાવી શકાય. પ્રથમ વર્ષનો અભ્યાસ ઘણો જ પ્રાથમિક અને બહુ સાદો સીધો અને સરળ રહે તો જ રસોત્પાદનનું કામ થઇ શકે. વિષયોની વિવિધતા છતાં માત્ર એનું પ્રાથમિક જ્ઞાન આપવાનું હોઇ, બે વર્ષના દિવસોમાં એ કાર્ય થઇ શકે તેમ છે. અવકાશ હોય તો જીવતત્ત્વનો ભેદો સમજાવી શકાય અને એ રીતે સામાન્ય જ્ઞાન આપવા સાથે બાકીના ત્રણ વર્ષની ભૂમિકા રચી શકાય. જે દિવસો અભ્યાસ માટે નિયત કરવામાં આવ્યા છે તે પ્રત્યેકનો ઉપયોગ થાય અને નકામી રજા કે શિક્ષકની ગેરહાજરી ન થાય તો આ પ્રથમ વર્ષમાં ધર્મરૂચિ જાગૃત કરી શકાય તેવી પ્રાથમિક સામગ્રી વિદ્યાર્થી પાસે ધરી શકાય તેમ છે અને તે આપનાર સુયોગ્ય અભ્યાસી અને અનુભવી હોય તો જે પાયા પર વિશેષ ચણતર કરવાનું છે તેના પાયા અહીં રચી શકાય તેમ છે. પ્રથમ વર્ષે પ્રગતિમાર્ગનો આખો ક્રમ અને તત્ત્વબોધ સામાન્યપણે કરાવવાનો છે.

શનિવારને દિવસે નોટો લખાવવી કે અભ્યાસ કરાવવાને બદલે ઈતિહાસની મહત્તા બતાવવા શ્રી મહાવીરનો સમય, આગમનો સમય, હરિભદ્રસૂરિનો સમય, ચૈત્યવાસની ભ્રમણાનો સમય, હેમચંદ્રાચાર્યનો સમય, અપભ્રંશનો સમય, ગુજરાતી સાહિત્યનો સમય,

યશોવિજયનો સમય અને નવયુગના મંડાણો પર વિવેચન કરવું, સ્તવન, સઝાય, રાસો, પદો, દોહા, સવૈયા લલકારવા અને એ રીતે સાહિત્યમાં રસ ઊભો કરવો. કોઇ વખત જ્ઞાનસારનો એકાદ શ્લોક લઇ તે પર વિવેચન કરી આવી પદ્ધતિનો લાભ સૂચવવો અને એ રીતે શનિવારના કલાકનો ઉપયોગ ઇતિહાસ અને સાહિત્યમાં રસ ઉત્પન્ન કરવા માટે કરવો.

આ શનિવારના કાર્યનું લાંબું લીષ્ટ જોતાં અને શનિવારો તો આખા વર્ષમાં અભ્યાસને અંગે માત્ર ૨૫ આવે તો તેમાં ગૂંચવણમાં પડવા જેવું નથી. આ શનિવારનો કાર્યક્રમ પ્રથમ વર્ષે પૂરો ન થાય તો બીજે વર્ષે લંબાવવો પણ એના ગર્ભમાં અનેક શક્યતા છે અને એનો ઉપયોગ કરનાર જો અભ્યાસી અને અનુભવી હોય તો રસનિષ્પત્તિને અંગે આ શનિવારના કાર્યનો વધારે ફાળો સફળતાની દૃષ્ટિએ આપી શકે તેમ જણાય છે. જરૂર જણાય તો આ શનિવારનો કાર્યક્રમ ત્રીજા અને ચોથા વર્ષમાં પણ લંબાવવો.

આ રીતે પ્રથમ વર્ષનો કાર્યક્રમ પદ્ધતિસર કેવો રાખવો ઘટે તેની પદ્ધતિ નિર્ણયમાં શનિવારનો ચારે વર્ષનો કાર્યક્રમ ગોઠવી નાખ્યો. હવે બીજા વર્ષનો કાર્યક્રમ વિચારી જઇએ. એમાં માત્ર સોમથી શુક્રવાર સુધીનો કાર્યક્રમ વિચારવાનો રહેશે, કારણ કે સર્વ વર્ષના શનિવારની વ્યવસ્થા તો ઉપર પ્રમાણે વિચારાઇ ગઇ અને રવિવાર પ્રથમ બે વર્ષના ગોઠવાઇ ગયા. બાકીના છેલ્લાં બે વર્ષના રવિવારોની ગોઠવણ છેવટે કરવાની રહે છે.

બીજા વર્ષના કાર્યક્રમમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજના તત્ત્વાર્થાધિગમ સૂત્રની શરૂઆત કરવાની સૂચના કરવી ઉચિત જણાય છે. એનું કારણ એ છે કે—એ ગ્રંથ શ્વેતાંબર દિગંબર બન્નેને માન્ય છે, એના ઉપર બન્ને સંપ્રદાયના આચાર્યોએ ટીકા લખી છે અને એમાં કોઇપણ સ્થાને મતખેંચાણ કે આગ્રહને સ્થાન નથી મળ્યું. એ ગ્રંથ સૂત્રરૂપે બનાવેલ હોઇ એની કડીઓ યાદ રાખવામાં અગવડ પડતી નથી અને આખા ગ્રંથની

રચના પદ્ધતિસરની હોઇ ખૂબ મજા આપે તેવી છે. તત્ત્વની બાબતમાં શ્વેતાંબર દિગંબરને કોઇ પ્રકારનો મતભેદ નથી અને બને ત્યાં સુધી સર્વમાન્ય ગ્રંથ અભ્યાસ માટે રાખવાથી સંસ્કારની સ્પષ્ટતા થાય છે અને એનાથી સાહિત્ય અને તત્ત્વજ્ઞાન 'વેગવાન' બને કે નહિ તે જુદી વાત છે અને તેનો આધાર તો સંગ્રાહક પર રહે છે, પણ એ વ્યાપક તો જરૂર બને. કારણ કે ગ્રંથના લેખક સર્વમાન્ય કે બહુજનમાન્ય હોય તો તેથી અભ્યાસીના મન પર એક પ્રકારની સુંદર માનસિક અસર થાય છે અને આદર, પ્રેમ અને સહાનુભૂતિથી કરેલો અભ્યાસ મન પર સ્થાયી છાપ પાડે છે અને હૃદય પર અસર કરનાર હોઇ વર્તન ચારિત્ર પર પણ સીધી અસર કરે છે. અને વસ્તુતઃ શ્વેતાંબર દિગંબર વચ્ચેનું અંતર મુદ્દા પર રચાયેલ પણ નથી. કેવળીની મુક્તિ કે સ્ત્રીને તદ્ભવે મુકિત એ ખાસ મુદ્દાના પ્રશ્નો નથી અથવા અભ્યાસી એ વિષયો તરફ ગૌણભાવ દર્શાવી શકે અને તે ઉપરાંત નાના મોટા તફાવતો છે તેમાં તત્ત્વનો મુદ્દો નથી. એટલે આવા સર્વમાન્ય ગ્રંથને ચલાવવા ભલામણ કરવામાં આવે તો તેથી દિગંબર શ્વેતાંબરને એક બીજાની નજીક આવવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે અને પ્રાથમિક અભ્યાસીને ખૂબ લાભ થવાનો સંભવ છે.

આ પુસ્તકની હકીક્ત થઇ. બાકી પુસ્તક તો ટેકારૂપે રાખવાનું છે. ખરો આધાર સુશિક્ષિત અધ્યાપક પર રહે છે. એ એક પ્રસંગ લઇ તેના પર વિવેચન કરે, નોટ લખાવે અને વિદ્યાર્થીની શક્તિ, વિકાસ અને વય વિચારી તદ્યોગ્ય ઉપયોગી જ્ઞાન આપી શકે. બીજા વર્ષના પ્રથમ સત્ર(term)માં પહેલો અને બીજો અધ્યાય તત્ત્વાર્થના ચલાવાય. તેમાં હવે પછી જણાવેલા વિષયો પર ખૂબ વિસ્તારથી વિવેચન કરવું, નોટ્સ લખાવવી અને ભાષણો આપવાં. રસોત્પાદન અને અભ્યાસ પર ખાસ લક્ષ રાખવું અને વિષયોને ખૂબ બહલાવવા તથા આખા કલાકનો બરાબર ઉપયોગ કરવો. પહેલા સત્રમાં વિદ્યાર્થીઓને માથે પરીક્ષાનો બોજો હોતો નથી, તેથી ધ્યાન પણ વધારે

આપે અને વખત સારી રીતે લઈ શકે. વિદ્યાર્થી અભ્યાસક્રમ વાંચીને આવે એટલે સગવડ સારી થઈ શકશે. વિદ્યાર્થીના હાથમાં વાંચવા માટે પંડિત સુખલાલજીવાળું પુસ્તક આપવું, બાકી અધ્યાપકે તો ભાષ્ય, સિદ્ધસેનની ટીકા, રાજવાર્તિક, શ્લોકવાર્તિક તો જરૂર તૈયાર કરીને આવવું, પણ તે ઉપરાંત નીચેના વિષયો ઉપર રસભરી નોટ્સ લખાવવી અને ભાષણ વિવેચનદ્વારા તે વિષયો દૃસાવવા. ચાલતે અભ્યાસે વિદ્યાર્થીઓ સવાલ ન પૂછે, તે માટે કાં તો અધ્યાપક સાથે ગોઠવણ કરવી અથવા એક દિવસ અડધો કલાક તે માટે રાખવો. પ્રથમ સત્રના અગત્યના વિષયોમાં નીચેના ખાસ સૂચવી શકાય.

પુરૂષાર્થને જૈન તત્ત્વજ્ઞાનમાં સ્થાન

આત્મના અસ્તિત્વની સિદ્ધિ

પાંચ જ્ઞાન પ્રત્યક્ષ–પરોક્ષ

તેનો Logic અને Psychology સાથે સંબંધ Concept ion Perception, Knowledgeનો વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ ઇહા, અવાય અને ધારણા સાથેનો સુમેળ

દર્શન જ્ઞાન ચારિત્રને જૈન વિકાસમાં સ્થાન

ચાર નિક્ષેપાઓનું સ્વરૂપ

ઇન્દ્રિયો અને બુદ્ધિને જૈન વિકાસમાં સ્થાન

જ્ઞાન અને વિપર્યય જ્ઞાનના સ્વરૂપ

નયનું વિસ્તારથી સ્વરૂપ–તે પર નોટસ, વિવેચન, ચર્ચા.

પાંચ ભાવનું સ્વરૂપ.

આત્માનું લક્ષણ.

ઉપયોગની વિવિધતા.

આ પદાર્થોમાં નિરૂપણ કરતી વખતે નિક્ષેપ અને નયને ખૂબ અહલાવવા. અન્ય દર્શનકારો કરતાં જૈને આપેલાં સ્વરૂપ, સપ્તભંગીમાં

નયનું સ્થાન, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોની સમજણ અને તેને અંગે પ્રાપ્ત થતી જૈન દર્શનની વિશિષ્ટતા અને તેમાંથી નીકળતા સહિષ્ણુભાવ અને સત્યાન્વેષણની પ્રાપ્તિ. આ નિવેદન અતિ મહત્વનું ગણાય અને યોગ્ય રીતે આપવામાં આવે તો સંસ્કારદૃઢતા મુદ્દામ પાયા પર રચાય.

બીજા સત્રની શરૂઆતમાં જીવના ૧ થી માંડીને ૫૬૩ ભેદો સમજાવવા, લખાવવા અને તેનાં સ્થાનો જણાવવાને અંગે ત્રીજો અને ચોથો અધ્યાય એક અઠવાડિયામાં પૂરો કરવો, પણ કુલ સમીક્ષા એક માસ સુધી ચલાવવી. જૈન ભૂગોળનું જ્ઞાન આપવું, નારકો અને દેવોનાં સ્થાનો સમજાવવાં અને જંબૂદ્વીપ અને અઢીદ્વીપની હકીકત શાસ્ત્રમાં બતાવી છે તે રીતે જણાવવી. એના પર વિશેષ સવાલ જવાબ કરવાં નહિ કે થવા દેવાં નહિ. અત્યારે એ ભૂગોળ સાબિત થઈ શકે તેવાં સાધનો નથી, એની શોધખોળ પાછળ વખત આપી શકે તેટલી આપણી પાસે ત્રેવડ નથી અને એની ચર્ચામાં ઉતરવા જેવું નથી એટલેથી એ વાત પતાવવી.

કોઈ કોઈ સંસ્થામાં ત્રીજો અને ચોથો અધ્યાય તદ્દન મૂકી દેવામાં આવે છે તે ઠીક નથી. જૈન દૃષ્ટિએ ભૂગોળ ખગોળનું જ્ઞાન આપવું ઘટે અને તેમ ન થાય તો મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવના જીવોનું સ્વરૂપ સમજાય નહિ. માત્ર એ હકીકતની વધારે ચર્ચા કરવી નહિ કે થવા ન દેવી એ રસ્તો સમીચીન લાગે છે. બાકી તો અધ્યાપકની આવડત, વિદ્યાર્થીઓની ચર્ચાપદ્ધતિ અને સામાન્ય વાતાવરણ તથા સંયોગો જોઇ કામ લેવું. આ વિભાગ પર વધારે ભાર મૂકવો નહિ, કે વધારે સમય લેવો નહિ છતાં એ વિષય ઉપાડતાં અરૂચિ કે અનાસ્તિકતા થવાનો ભય લાગતો હોય તો તેને મૂકી દેવામાં વાંધો ન લાગવો જોઈએ. અધ્યાપકની કુશળતા, ભણાવવાની રીતિ અને વિદ્યાર્થીના સવાલ જવાબને અંગે ઉત્પન્ન થયેલ પરિસ્થિતિ અને વાતાવરણ પર એ માટેના નિર્ણયનો આધાર રહે છે.

આ ઉપરાંત જેટલો સમય બીજા સત્રમાં મળે તેટલાનો ઉપયોગ નય નિક્ષેપના જ્ઞાનના વધારા માટે કરવો, એને અંગે ભાષણો આપવા અને પ્રમાણુ નય જ્ઞાનનો મહિમા ઠસાવવો. અન્ય દર્શનોના સત્યો તરફ પ્રેમ ઉત્પન્ન કરવો, પણ તે અંશો છે અને પ્રમાણ સત્ય માટે તો બન્ને આંખો ઉઘાડી રાખવી પડે છે એ વાત સમજાવી સહિષ્ણુ-ભાવને કેળવવો. સ્યાદ્વાદ-અનેકાંતમાર્ગનું આખું સ્વરૂપ અને સપ્ત-ભંગીની વાત અહીં બરાબર કહી કરી લીધી હોય તો પાયા પાકા થશે અને કોલેજના વિદ્યાર્થીને જ્ઞાનના ઊંડાણમાં લઇ જઇ શકાશે.

જીવતત્ત્વની બાબતનું જ્ઞાન આપવામાં એક અગત્યની સૂચના કરવાની પ્રાસંગિક જણાય છે. નિગોદનો સિદ્ધાંત બરાબર સ્પષ્ટ કરવાની જરૂર રહે છે. એને અંગે અવ્યવહારરાશિ, વ્યવહારરાશિનું સ્વરૂપ, સૂક્ષ્મ બાદર નિગોદનું સ્વરૂપ અને એની સ્પષ્ટતા માટે ઉત્કૃષ્ટ સંખ્યાત નવ પ્રકારના અસંખ્યાતા અને નવ પ્રકારના અનંતાનું સ્વરૂપ બરા-બર સ્પષ્ટ કરવાની જરૂર રહેશે. સિદ્ધના જીવો કયે અનંતે હોય, સર્વ જીવો કયે અનંતે હોય અને અનંત જીવો મોક્ષે ગયા અને જશે છતાં એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષમાં છે અને કોઇપણ કાળે એ એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષમાં હશે તેની યુક્તિ અને દલીલથી સમજાવટ કરવાની જરૂર છે. જૈન તત્વજ્ઞાનનો આ અતિ અટપટો પ્રશ્ન છે, પણ વાત બેસાડતાં આવડે તો બરાબર ન્યાયપુરઃ-સર છે. સમજુ અધ્યાપકે આ સિદ્ધાંતની સ્પષ્ટતા આ બીજા વર્ષના બીજા સત્રમાં કરી લેવી સુયોગ્ય થઇ પડશે. આ રીતે બીજા વર્ષમાં તત્ત્વાર્થ સૂત્રના ચાર અધ્યાય થાય પણ તેને અંગે પ્રાસંગિક ઘણી બાબત કહેવાઇ જાય અને ખાસ કરીને જ્ઞાનનો આખો વિષય અને જીવન-દ્રવ્યનો મુદ્દલ વિષય નિરૂપણરૂપે રજૂ થઇ જાય તો વિદ્યાર્થી-વર્ગને તેમાં બહુ રસ ઉપજાવી શકાય તેમ છે.

બીજા સત્રમાં થોડો સમય તો પણ બાકી રહે છે, તેમાં જીવના ભેદો પર વિવેચન કરવું, એના ૫૬૩ ભેદોને વિસ્તારવા, તે પર

નોટ્સ લખાવવી, પર્યાપ્તા અપર્યાપ્તાનું સ્વરૂપ સમજાવવું, લબ્ધિ અને કરણ અપર્યાપ્તાનું સ્વરૂપ નિરૂપણ કરવું અને દશ પ્રાણનો આખો વિષય રજૂ કરતાં જીવ–દ્રવ્યનું જરૂરી પ્રાથમિક જ્ઞાન આપવું. પ્રાણ-પ્રાણીને પૃથક્કરણ અને વિભાગપૂર્વક દર્શાવવાના પ્રયત્નમાં ઘણી વાતો થઈ શકશે અને મરણ કોને કહેવાય છે? મરણનો ભય કેમ લાગે છે? આત્માના અમરત્વને અને મરણનો શો સંબંધ છે? એ વાતની ચોખવટ થઇ જશે. બે ચાર ભાષણો મોક્ષના સ્વરૂપને અંગે, કર્મ અને જીવના સંબંધને અંગે અને જ્ઞાન, દર્શન, ચારિત્રનો મહિમા ગાવાને અંગે જરૂર કરવા. એ રીતે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગથી શરૂ કરેલ વર્ષ મોક્ષના સ્વરૂપમાં પર્યવસાન પામશે અને આદર, સહાનુભૂતિ અને પ્રેમથી શરૂ કરાયેલો અને ચાલુ રાખેલો ધાર્મિક અભ્યાસ સમજણપૂર્વક સ્વીકારાયલી શ્રદ્ધામાં પરિણમશે.

**ત્રીજા વર્ષમાં અજીવ** દ્રવ્યની સ્પષ્ટતા કરવાથી શરૂઆત તત્ત્વાર્થના પાંચમા અધ્યાયથી કરવી. એવાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિ-કાય, આકાશ, કાળ અને પુદ્‌ગળને બરાબર સમજાવવા, કાળને કેટલાક મતે દ્રવ્ય કેમ ગણવામાં આવતો નથી એનાં કારણો સમજાવવાં અને અણુ–પરમાણુ સિધ્ધાંત થીયરી (theory) સમજાવવા. એના atoms, electrons, particles, molecules વગેરે વિજ્ઞાનના આવિર્ભાવોને શું સ્થાન છે તે સ્પષ્ટ કરવું અને વિજ્ઞાનની વાતો જૈન તત્વજ્ઞાને કેવી રીતે બહલાવી છે તેનું નિરૂપણ કરવું. અગત્યનો વિષય સતની વ્યાખ્યાનો છે. દ્રવ્ય, પદાર્થ, સતની ખૂબ સ્પષ્ટતા કરવાનો આ પ્રસંગ છે અને અન્યદર્શનનો મેળ કયા થાય છે? કયાં જુદાઈ એના સ્વરૂપ દર્શનમાં દર્શનકારોની ભિન્નતા કયા કારણે થઇ છે અને એનું જૈન સમ્મત સ્પષ્ટીકરણ શું છે અને કેવી રીતે થઈ શકે તેમ છે તે વાતનું નિરૂપણ કરતાં સપ્તભંગીનું આખું સ્વરૂપ અત્ર બતાવવાનું થશે અને તેને અંગે દ્રવ્યના સ્વરૂપનિરૂપણમાં ગુણ અને પર્યાયનો આખો વિભાગ વિચારાઇ જશે. પરિણામની ચર્ચામાં અનાદિ

આદિનું સ્વરૂપ વિચારાઈ જશે અને એ રીતે જૈન ધર્મનું વ્યાપક સ્વરૂપ બરાબર લક્ષ્યમાં આવી જશે, એનાં નયનાં જ્ઞાનને પુષ્ટિ મળશે, અનેકાંત મતની વિશિષ્ટ બાજુઓ બતાવાઈ દેવાશે અને જડ અને ચેતન વચ્ચેનો તફાવત બતાવતાં ભેદ, ભેદાભેદ, નિત્યત્વ, નિત્યાનિત્યનું ભાન આપી શકાશે. આ આખો વિભાગ ઘણો વિશાળ હોવા ઉપરાંત એ અનેક દૃષ્ટિબિન્દુથી વિચારણા માગે છે. એનો અભ્યાસ આ ત્રીજા વર્ષના પ્રથમ સત્રમાં કરવો. આખો અધ્યાય એટલો મહત્વનો છે કે એને અંગે આખું સત્ર જાય તો પણ તે ભાગ્યે જ પૂરતું થઈ પડે તેમ છે. દ્રવ્યગુણપર્યાયનું સ્વરૂપ અને સત્‌ની વ્યાખ્યા સાથે સાત નયનો મેળ મેળવવો અને અન્ય દર્શનો સાથે નયવાદ પ્રમાણવાદને ચોક્કસ કરવો અને સાથે સપ્તભંગીના સ્વરૂપને રજુ કરવું—એ કાર્ય બહુ જરૂરી છે, ખાસ પ્રયત્ન માગે છે અને વિશાળ વાચન, દીર્ઘ અભ્યાસ અને સુંદર વિવેચકશક્તિ માગે છે. એ સર્વ મૂળ પાયાના પ્રસંગો છે, ખૂબ રસોત્પાદન કરાવી શકાય તેવા મુદ્દાઓ છે અને સુઘડ હાથે ધારેલ પરિણામ બતાવી શકે તેવા મોંઘેરાં ઉત્થાનો છે. એને ખૂબ બહલાવવાં.

આ દ્રવ્યગુણપર્યાયની વિચારણાને અંગે અધ્યાપક અભ્યાસ પૂર્વક શ્રી યશોવિજય ઉપાધ્યાયના દ્રવ્યગુણપર્યાય રાસનો ઉપયોગ કરી શકે, સાથે દ્રવ્યાનુયોગતર્કણા અને તેની ટીકાનો ઉપયોગ કરે તો તેમાં દ્રવ્યનું સ્વરૂપ બરાબર સમજાવી શકાય તેવાં સાધનો પ્રાપ્ત છે. એની સાથે અન્ય દર્શનકારો દ્રવ્ય ગુણ કર્મ સામાન્ય વિશેષ સમવાય અને અભાવને સાત પદાર્થ શા માટે કહે છે? કોઈ (અભાવ બાદ કરી) છ પદાર્થને શા કારણે સ્વીકારે છે? અને સોળ પદાર્થ કેવી રીતે ગણે છે? એનો બોધ પણ સરખામણીને અંગે જરૂર આપે. આ દ્રવ્ય પદાર્થ વિચારણામાં પ્રથમનું આખું સત્ર પસાર થાય તો તે સુયોગ્ય ગણાય. જીવદ્રવ્યને સમજવા માટે જેમ આખા દ્વિતીય વર્ષના આખા સત્રની જરૂર જણાય છે તેટલીજ અગત્ય આ દ્રવ્યપર્યાયને સમજવા-

સમજાવવા માટે આખા સત્રનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે. આ વાતની ચોખવટ કરવાથી જૈનધર્મના મૂળ પાયા બરાબર સમજાઈ જશે અને એમાં એટલી બધી ચાવીઓ પ્રાપ્ત થઇ જશે કે ભવિષ્યની જિંદગીમાં એ વિશેષ અભ્યાસ માટે અભિલાષા ઉત્પન્ન કરી શકશે અને અભ્યાસ કરવાનો યોગ થશે કે ભાવના થશે ત્યારે આ સંસ્કારો વિદ્યાર્થીને ખૂબ કામ આપશે અને ધાર્મિક અભ્યાસ કોલેજના અભ્યાસ સાથે કરાવવાનો મુખ્ય મુદ્દો આ રીતે પાર પડશે. પાંચમા અધ્યાયમાં પ્રત્યેક પદાર્થના દ્રવ્યનાં કાર્યો ( functions ) બતાવ્યાં છે તેથી દ્રવ્યનો ખ્યાલ થવા સાથે વિશેષ સ્પષ્ટતા જીવ અને કાળ દ્રવ્ય પર પણ પડી જશે. આ સત્ર ઘણું વ્યવસાયાત્મક રહેશે, પણ સંસ્કાર–સ્થિરતાને અંગે જો એનો લાભ આપી શકે તેવા અધ્યાપકે વિદ્યાર્થીમાં રસોત્પાદન કર્યું હશે તો, ખૂબ કાર્યસાધક નીવડશે. આમાં અપેક્ષા-વાદને પણ ખૂબ બહલાવી શકાય તેમ છે અને એ રીતે નય પ્રમાણ જ્ઞાન બીજા વર્ષમાં આપવામાં આવ્યું હશે તે અહીં વધારે સ્પષ્ટ થવાનો પ્રસંગ મળશે અને દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક નયોના પ્રકા-રના હેતુ બરાબર સ્પષ્ટ થઇ જશે. આટલો મુદ્દો કોલેજના અભ્યાસના ત્રીજા વર્ષના પ્રથમ સત્રમાં સિદ્ધ થાય તો બસ થશે. આ કાર્ય જરા આકરું જણાય તો તેને માટે અધ્યાપકે મોટા પાયા ઉપર નોટ્સ તૈયાર કરી રાખવી ઘટે, મુષ્ટિજ્ઞાન કેમ આપી શકાય તેની યોજના કરવી ઘટે અને વિદ્યાર્થીનાં વલણ તક માનસ અને રુચિનો પૂરતો ખ્યાલ કરી ઉપરની વાતો સ્પષ્ટ કરવાની તક લેવી જોઇએ. આ સૂત્રની સફળતા ઉપર અભ્યાસની સફળતાનો અને તેનો જીવન પર પ્રભાવ પાડવાનો ઘણો આધાર હોવાથી ખાસ ધ્યાન આપવા યોગ્ય આ વિભાગ છે એટલું જણાવી આપણે ત્રીજા વર્ષના દ્વિતીય સત્ર પર જઇએ.

આ ત્રીજા વર્ષના બીજા ટર્મમાં શરૂઆતમાં કર્મનું જ્ઞાન આપવું. કર્મ શું છે, જીવનો અને કર્મનો સંબંધ કેવા પ્રકારનો છે, કર્મ-

બંધનાં કારણોમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-પ્રત્યેક કેવા ભાગો ભજવે છે, કર્મબંધ થાય ત્યારે એનાં પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ કેવી રીતે પડે છે, તે પ્રત્યેકનું સ્વરૂપ કેવું હોય છે, આઠ પ્રકારના કર્મોનું સ્વરૂપ કેવું છે, તેના ૧૫૮ ભેદો કેવા છે, એ પ્રત્યેકને સમજવાની અને તેમાં બંધહેતુઓને સમજવાની શા માટે જરૂર છે, એનું જ્ઞાન નોટ્સ અને વિવેચન સાથે આપવામાં બે ત્રણ સપ્તાહ જરૂર લેવાં. જૈન તત્વજ્ઞોએ કર્મનો આખો સિદ્ધાંત વૈજ્ઞાનિક રીતે બતાવ્યો છે, એનાં બંધ, ઉદય, ઉદીરણા સત્તાની વાતો કેવી સરળ ગમ્ય અને અક્કલમાં ઉતરે તેવી છે અને એનો ગુણસ્થાન-ક્રમારોહ કેવો ભવ્ય, આકર્ષક અને બુદ્ધિગમ્ય છે એનું સ્વરૂપ બતાવતાં કર્મથી મુકિત કેમ થાય તેને માટે રૂચિ જગાડી શકાય અને એ દ્વારા અભ્યાસ પ્રયત્ન અને આદર્શોની અંતિમ ધ્યેયદશા તરફ ધ્યાન ખેંચાવી શકાય તો મુખ્ય મુદ્દો પાર પડે અને સ્વપરલાભનું કારણ બને.

પુણ્ય અને પાપ તો કર્મોનાં ફળ છે, અલગ તત્ત્વ તરીકે તેની પ્રરૂપણા અપેક્ષિત છે, પણ વિશિષ્ટ નજરે બીનજરૂરી છે એનું નિરૂપણ કરતાં પુણ્યનો અનુભવ અને પાપનો અનુભવ કેવી રીતે થાય છે તે માટે એના અનુક્રમે ૪૨ અને ૮૨ ભેદો બતાવવા અને કર્મનું જે સ્વરૂપ ૧૫૮ પ્રકૃતિદ્વારા પ્રથમ સૂત્રમાં બતાવ્યું હતું તેનો પુણ્ય પાપમાં મેળ મેળવી આપવો અને શરૂઆત ત્યારબાદ આશ્રવ તત્વથી કરવી એટલે કે આટલી ભૂમિકા કરી પાંચમો અધ્યાય ( તત્ત્વાર્થાધિગમનો) શરૂ કરવો. પ્રત્યેક ક્રિયા કર્મ વહોરી લાવે છે તે બતાવતાં પચીશ ક્રિયાના પ્રકારો બતાવવા અને તેની બહાર કોઇપણ આંતર કે બાહ્ય ક્રિયા રહેતી નથી એ વાતનું સ્પષ્ટીકરણ કરતાં દરેક ક્રિયા ઓછામાં ઓછાં સાત કર્મ કેવી રીતે વહોરી લે છે તેનો પ્રસ્તાવ રજુ કરવો. યોગ અને આશ્રવ-નો સંબંધ બતાવતાં જૈન પરિભાષામાં યોગનો શો અર્થ થાય છે તે રજૂ કરવાથી તો આ તત્ત્વ વિજ્ઞાનની શરૂઆત કરવાની રહેશે,

પણ તે ( યોગ ) શબ્દને અન્ય દર્શનકારોએ કેવો અર્થ કર્યો છે તેની નિરૂપણા કરતાં યોગમાર્ગનું વિવેચન બે ભાષણોદ્વારા કરવું જરૂરી અને પ્રાસંગિક થઈ પડશે. અને એની ચર્ચામાં પુણ્ય પાપના ભેદોની સ્ફુટતા થઇ જશે. આમાં સાંપરાયિક અને ઇર્યાપથક કર્મનો વિષય ઘણો ઉપયોગી ભાગ રસપૂર્વક કહી શકાશે અને એની ચર્ચા વિચારણામાં કર્મબંધની આખી શૈલી પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ, બંધ સાથે જે શરૂઆતમાં સ્પષ્ટ કરી હશે તેની પુષ્ટિ થઇ જશે અને ૫૭ બંધહેતુઓની ચોખવટ થઈ જશે. તથા બંધ ઉદય ઉદીરણા અને સત્તાની ચોખવટ થઇ જશે. આ વિભાગને ખૂબ રસદાર બનાવી શકાય તેમ છે અને દાખલાદલીલથી બહુ પુષ્ટ બનાવી શકવાની એમાં શક્યતા છે અને તે લાભકારક હોઇ જરૂર અપનાવવા લાયક છે. બાહ્ય દૃષ્ટિએ સમાન ક્રિયા કરનારનાં કર્મબંધનમાં કેટલો બધો ફેર પડે છે અને તેનાં કારણો શાં છે તેની વિગત આ પાંચમા અધ્યાયમાં વિસ્તારથી આવશે, પચીશ ક્રિયાને વિસ્તારવાનું થશે અને કર્મ બંધના હેતુઓ પ્રત્યેક કર્મને લઇને બતાવતાં કર્મનો આખો વિષય બરાબર સ્પષ્ટ કરી શકાશે. કર્મના સિદ્ધાંતને જૈન તત્ત્વજ્ઞોએ કેવી પધ્ધતિએ વૈજ્ઞાનિક રીતે રજૂ કર્યો છે તે વાત અગાઉ કરી હતી તેની ચોખવટ થશે અને આસક્તિભાવ અને અનાસક્તિ યોગને જૈનદૃષ્ટિના વિકાસક્રમમાં કેવું સુંદર સ્થાન છે. તે વાત રસ ઉપજે તે રીતે બતાવી શકાશે. ઉપરાંત સંરંભ, સમારંભ અને આરંભનો ભેદ બતાવતાં પીનલકોડના preparation motive attempt action વચ્ચેના ભેદોને સમજાવતાં માનસવિજ્ઞાન ( Psychology ) સમજાવી શકાશે. આ વાત લાંબી જણાય છે, પણ સમય ધ્યાનમાં લઈ ટુંકાવી શકાય અને છતાં મુદ્દામ જ્ઞાન આપી શકાય તેમ છે. અને દાખલાદલીલથી વિષયને મર્યાદિત સમયમાં ખૂબ રસપ્રદ બનાવી શકાય તેમ છે. અને તે જ સત્રમાં ત્યારપછી વ્રત પચ્ચખ્ખાણનો મહિમા એની ઉપયુક્તતા અને એના લાભ પર આખું

ભાષણ એક દિવસ આપી સાધુના પાંચ મહાવ્રત સમજાવવા અને તેનો અણુવ્રત સાથે મેળ કરી દેવો. વ્રતના આગારનો મુદ્દો બાહ્ય સંયોગોનો છે, આશય વ્રતમાં સ્થિરતાનો છે એ સ્પષ્ટ કરતાં શ્રાવકના બાર વ્રત વિસ્તારથી સમજાવવા, શિક્ષાવ્રત અને ગુણવ્રતનો મહિમા સમજાવવો અને વ્રતધારી શ્રાવક કેવો નમૂનેદાર ગૃહસ્થ થઈ શકે છે તેનું ચિત્ર-નિરૂપણ કરવું. બાર વ્રતની અંદર રહેલ આદર્શ હેતુ સ્પષ્ટ કરવા સાથે એની વિગતોમાં એનાં અતિચાર બરાબર સમજાવવાની જરૂર છે અને જ્યારે સાતમા વ્રતને અંગે આરંભ સમારંભ સમજાવાય, ત્યારે તેની સાથે વિનાકારણ થતાં અનર્થદંડના પાપો ભારે ઉપયોગી અસર કરે તેમ બતાવી શકાય અને સામાયક પૌષધના લાભ માટે શાંતિનું સામ્રાજ્ય બતાવી દેવાય ત્યારે અતિથિસંવિભાગ વ્રતના મહિમામાં દાનના પ્રકાર, સાચા અતિથિનું સ્વરૂપ અને દાનગુણથી ત્યાગની શરૂઆત થાય છે અને અંતે સર્વસંગત્યાગમાં તે પરિણમે છે એ બતાવતાં અનંત અવિચળ સુખની ભવ્ય કલ્પના રજૂ કરાય. આ રીતે આ ત્રીજા વર્ષના બીજા સત્રમાં માત્ર આશ્રવની વાતો કરવાને અંગે નારકોની વેદનાથી માંડીને મોક્ષના સુખો સુધીની હકીકત રજૂ કરવાની છે.

આ બીજા ટર્મમાં ખૂબ મજા આવે તેવી વાતો થઇ શકશે. પરીક્ષા નજીક હોવા છતાં એમાં રસ ઉપજાવી શકાશે અને એ રીતે ત્રીજા વર્ષનું બીજું સત્ર ફેબ્રુઆરીની દશમી તારિખ લગભગ પૂરું કરી શકાશે. બીજા વર્ષને **જીવાજીવવિચારણા** વર્ષ કહેવાય તો આ ત્રીજા વર્ષને **પુણ્ય-પાપવિચારણા** વર્ષ કહેવાય અથવા વધારે યોગ્ય રીતે એને **આસ્રવ** વર્ષ કહેવાય. ચોથા વર્ષને એ દૃષ્ટિએ આપણે **સંવર-મોક્ષ** વર્ષ કહીશું. અંતમાં ત્રીજા વર્ષની વાતને અંગે વ્રત-પચ્ચખ્ખાણનો મહિમા બહુ સ્પષ્ટ કરવા જરૂર ઠસાવવી ઘટે છે. મનુષ્ય પ્રકૃતિ અમુક વખતે જેમ ખૂબ લહેરમાં પડી જાય છે ત્યારે એને સ્વપરનો વિવેક રહેતો નથી, તેમજ જ્યારે એ વિચારમાં પડી જાય છે અને આ સર્વ શેના માટે છે,

શું છે, એનાં કારણો શું છે તે વિચારવા બેસે છે, અથવા સુંદર વ્યાખ્યાન ભાષણુ કે વાચનને પરિણામે એને આત્મચિંતા થાય છે, અથવા ત્યાગ ભાવના એનામાં જાગ્રત થઇ જાય છે ત્યારે એના મનમાં અમુક નિશ્ચયો બંધાઇ જાય છે. તેવે વખતે એ જે જીવનધોરણ બાંધે, વૃત્તિસંક્ષેપ કરે, આચરણા કે નિષેધના નિશ્ચય કરે એ બહુ સુંદર હોય છે. કોઇ વસ્તુના વિયોગ વખતે, કોઇ સગાસ્નેહીનાં કે પોતાના મંદવાડ વખતે કે કોઇ વખત ચેતનરામને ધ્યાવતી વખતે એને અત્યુદ્રેક થઇ આવે છે. આવા વખતે કરેલા નિશ્ચયોને, વર્તનના નિર્ણયોને વ્રત નિયમ કાયમી સ્વરૂપ આપે છે અને તેથી તેનો મહિમા ઘણો છે અને તેને સ્થાયી રૂપ આપવાની આવશ્યકતા છે. આ સ્થાયી રૂપ આપવાની પદ્ધતિ એજ પચ્ચખ્ખાણ છે. એનો મહિમા એક બે ભાષણોમાં ઠસાવી શકાય તેમ છે અને ખાસ ઠસાવવાની જરૂર છે. એનાથી લાંબો કાળ ચાલે તેવો લાભ છે, અને શ્રાવકના બાર વ્રતોમાં એવી વિશિષ્ટતા છે કે એ રીતે જીવનવ્યવહાર ગોઠવાય તો તંદુરસ્તી સારી રહે છે, સંયમપૂર્વકના જીવનના આનંદનો અનુભવ થાય છે અને જીવનની નાનામાં નાની બાબતો પર પણ કાબૂ આવી જાય છે. આ વાત સાતમો અધ્યાય સ્પષ્ટ કરતાં ખૂબ સમજાવવા યોગ્ય છે અને એનાથી ખૂબ સુંદર પરિણામ લાવી શકાય તેમ છે અને ખાસ કરીને ધાર્મિક શિક્ષણનો આખો મુદ્દો એ વાતની સ્પષ્ટતા અને ઠસાવવાથી મોટે ભાગે સિદ્ધ થઇ જાય તેમ છે.

**ચોથા વર્ષમાં** શરૂઆતમાં આઠમો અધ્યાય હાથ ધરવાનો છે. એમાં પ્રથમ બંધહેતુઓની વાત કરતાં પણુ બંધહેતુની વાત (કર્મનો વિષય સમજાવતાં ગત વર્ષમાં કરી હતી તે)ની સ્પષ્ટતા કરવાની રહેશે, પુણ્ય પાપની પ્રકૃતિની સ્પષ્ટતા થઇ જશે અને પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધની ચોખવટ થઇ જશે. આ આખો આઠમો અધ્યાય બે અઠવાડિયામાં પતાવી શકાય તેમ છે. ત્યાર પછીના બાકીના આખા પ્રથમ સત્રમાં સંવરનું સ્વરૂપ ખૂબ

બહલાવવા જેવું છે. સમિતિ ગુપ્તિનું સ્વરૂપ પ્રથમ ધ્યાન ખેંચે તેવું છે. એની સ્પષ્ટતા કરતાં એને 'પ્રવચનમાતા' શા માટે કહેવામાં આવે છે, જૈન વિકાસમાર્ગમાં સંયમને શું સ્થાન છે અને સમિતિગુપ્તિની બહાર વર્તનનો હાલવાચાલવાનો વિચારવાનો કે લેવા મૂકવાનો કોઇ પણ ભાગ બાકી રહેતો નથી એ સમજાવતાં આનંદ આવે તેવું છે અને સમજતાં ભવિષ્યના જીવન ઉપર ભવ્ય પ્રકાશ પડે તેવી તેની રચના છે.

આ પ્રવચન માતા સાથે દશ યતિધર્મો આવે, એટલે વર્તનનું આખું ક્ષેત્ર એમાં રજૂ થાય અને આત્માનું ઉડ્ડયન થાય, એની પ્રગતિ થાય, એનો આંતર વિકાસ થાય, ત્યારે એ દશે ધર્મોમાં ચેતન કેવી રમણતા કરે છે અને એ રમણતાનો આનંદ ઇંદ્રિયભોગ કે વિષયના કચરાથી કેવો ઉન્નત છે તે વાત સમજાવી શકાય તેમ છે. એની સાથે બાર ભાવના તુરતમાં આવે. એક એક ભાવના પ્રાણીને વિચારમાં નાખી દે તેવી છે, સામે જોવાને બદલે અંદર જોવરાવે તેવી છે અને આશ્રવ, સંવર અને નિર્જરાભાવના તત્ત્વના અભ્યાસનું નિદિધ્યાસન કરાવે તેવી છે. આ બારે ભાવનાને ખૂબ બહલાવવી, એના પર વિવેચન કરવું, એના પર ભાષણો આપવા અને એને કેવી રીતે જીવી શકાય તે બતાવવું. એ પછી નવમા અધ્યાયમાં પરિષહોનું વર્ણન આવે. મુનિમાર્ગનો સંયમ, એની આવશ્યકતા, ઇન્દ્રિયોની વિક્રિયા અને પરિષહ સહનથી થતા સ્થાયી લાભ બતાવતાં બાવીશે પરિષહો પૈકી અનુકૂળ પ્રતિકૂળ પરિષહોની ખૂબ સ્પષ્ટતા કરવા યોગ્ય છે. એને પરિણામે મુનિધર્મ આકરો છે એમ ન લાગવું જોઇએ, પણ એમાં ખૂબ આનંદ આવે તેવું છે એની સ્પષ્ટતા બાર ભાવનાની મદદ લઇને કરવી અને અહિંસા તથા તપ ઉપર જૈન ધર્મની રચના શા માટે થઇ છે તેની વિગતમાં ઉતરતાં એનો અને પાંચ પ્રકારનો ચારિત્રનો મહિમા બતાવી દેવો, સામાયકનો મહિમા ખૂબ સ્પષ્ટ કરવો. समणो इव सावओ हवई

શ્રાવક શ્રમણ જેવો સામાયક દરમ્યાન થાય છે એ વાતનો મહિમા ગાવો અને દરરોજ કાંઇ નહિ તો એક સામાયક થાય તો તેથી કેટલી આત્મશુદ્ધિ રહે છે તે વાત જરૂર બતાવવી.

આ નવમા અધ્યાયમાં નિર્જરા તત્ત્વની વિચારણાને અંગે તપના બાહ્ય અને અભ્યંતર તપો બતાવવાના હોઇ તેનું સ્વરૂપ ખાસ રજુ કરવાનું રહેશે. તેમાં અભ્યંતર તપને અંગે પ્રાયશ્ચિત્ત, વિનય અને સ્વાધ્યાયની વિચારણા ભેદોપભેદના વર્ણન સાથે કરવાની છે. એમાં ખૂબ રસ જમાવી શકાય છે અને એમાં નવયુગના આચાર્ય ઉપાધ્યાય ને કોલેજના અધ્યાપક અને ધાર્મિક શિક્ષકને કયાં સ્થાન આવે તે સ્પષ્ટ કરવા યોગ્ય છે. સ્વાધ્યાયમાં અંકગણિત ન્યાય, ફિલોસોફી, જ્યોમેટ્રી ઇતિહાસ આદિને સ્થાન કયારે મળે, એ સર્વ સમ્યગ્જ્ઞાનની કક્ષામાં કયારે આવે અને એ નવ યુગના જ્ઞાનને, વિજ્ઞાનને અને વિષયોને આત્મવિકાસ સાથે કેવો સંબંધ હોઇ શકે, કેમ સંબંધ જોડી શકાય અને એ સબંધની સંભાવિતતા કેટલી છે તે વાત સ્પષ્ટ કરી શકાય તેવી છે. અભ્યંતર તપની વિચારણા ખૂબ મજા આપે તેવી છે અને એનાં વસ્તુનિરૂપણ અનેક દૃષ્ટિબિંદુથી થઇ શકે તેવું છે અને યોગ્ય શિક્ષક અને વિદ્યાર્થી માનસ પર સ્થાયી સ્વરૂપ આપી શકે તેટલી તેમાં શકયતા છે. આટલી રસિક બાબતો દાખલા દૃષ્ટાંત અને સ્વાનુભવના વર્ણનથી સમજાવી પ્રથમ સત્ર પૂરું કરવું.

ચોથા વર્ષના બીજા સત્રમાં ધ્યાનયોગથી શરૂ કરવાનું હોઇ જૈન યોગ અને અન્ય યોગના ઉપયોગમાં 'યોગ' શબ્દની વ્યાખ્યામાં રહેલ ફેરનું ફરી વખત મુદ્દામ વર્ણન કરવું. આખા જૈન શાસ્ત્રનો સાર ધ્યાન યોગ છે. ધ્યાન શબ્દમાં દુર્ધ્યાન અને સદ્ધ્યાનનો સમાવેશ થાય છે. આર્ત્ત રૌદ્ર ધ્યાનના ભેદો અહીં સ્પષ્ટ કરવાના છે. ધર્મધ્યાન શુકલ ધ્યાનના ચાર ચાર પાયા પર ખૂબ વિસ્તાર કરવા જેવો છે, એને માટે શ્રી હેમચંદ્ર આચાર્યના યોગશાસ્ત્ર અને શુભચંદ્રગણિના જ્ઞાનાર્ણવનો ખૂબ ઉપયોગ કરવો. આવા ધ્યાનના વિષય પર શ્રી

મોતીચંદ કાપડીઆએ 'જૈન દૃષ્ટિએ યોગ' નામક લઘુ પુસ્તિકા પ્રકટ કરી છે તેમાંથી યોગની પૂર્વ સેવા, ધ્યાનના ભેદો અને આખો ધ્યાન-વિભાગ ચર્ચવો અને ખાસ કરીને એના પૃ. ૧૩૧–૧૮૧ સુધીનો સાર સમજાવવો. શ્રી હરિભદ્રસૂરિના યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાંથી યોગની આઠ દૃષ્ટિઓનો મેળ મેળવવા માટે શ્રી યશોવિજય ઉપાધ્યાયની આઠ દૃષ્ટિની સજ્ઝાયનો ખૂબ ઉપયોગ કરવો. તે ગુજરાતી ભાષામાં અને ગેય હોવાથી ખૂબ મજા આપે તેવી તેની ગોઠવણ છે અને યોગના વિષયોનો અને એનાં અંગોનો સમુચ્ચય ખ્યાલ આપવામાં તેમજ જૈન સંસ્કારનું સ્થાયીત્વ સ્થાપવામાં ખૂબ ઉપયોગી ભાગ ભજવે તેવી યોજના છે. સદર લઘુ પુસ્તિકામાં એ યોગદૃષ્ટિનો વિષય સંક્ષેપમાં મળી આવશે. ધ્યાનયોગ માટે અનેક જૈન લેખકોએ વિસ્તારથી ઉલ્લેખ કરેલ છે અને યોગીઓ કેવા હોય તેનું વર્ણન આપ્યું છે. આ આખો યોગનો વિષય ખૂબ રસપ્રદ બનાવી શકાય તેમ છે અને અધ્યાપક એનું પૃથક્કરણ દૃષ્ટિએ કામ લે તો બહુ જમાવટ કરી શકે.

## પ્રકીર્ણ સૂચનાઓ (સાહિત્યને અંગે)

સાહિત્યને વેગવાન બનાવવાની વાતને અંગે ધ્યાનમાં રાખવું કે સાહિત્ય તૈયાર કરનારા અને નવયુગને અનુરૂપ આકારમાં રજૂ કરનારા સાહિત્યરસિકો પણ સમાજે જ ઉત્પન્ન કરવાના છે. નવયુગ તરફ પ્રેમ હોય, નવયુગની આકાંક્ષા સમજાણી હોય, નવયુગ એ કાર્ય પદ્ધતિસર કરી શકશે એવી ખાતરી હોય અને સાહિત્ય તૈયાર કરા-વવા માટે અને પ્રકટ કરવા માટે આપણી તૈયારીઓ હશે તો જ એ કાર્ય થઈ શકશે. વિદ્યાર્થી વર્ગની અલ્પતા કે અપભ્રાજના કરવાથી અથવા જેઓ ચાલતે ચિલ્લે ક્રિયા કરનાર હોય તો જ તેઓ જૈન રહી કે હોઇ શકે છે એ આખો વિચાર છોડી દેવાની ખાસ જરૂર છે. એવા વિચારે ઘણાને કામ કરતા દૂર રાખ્યા છે અને સારા વિદ્વાનોની સેવા જૈન કોમે ગુમાવી છે. ધર્મ એ આપી અપાય તેવી વસ્તુ છે, પણ એના બાહ્ય આકારમાં ફેરફાર હોય છતાં ત્યાં ધર્મ

રહી શકે છે એવી વિશાળતા આવ્યા વગર સાહિત્યનો ઉત્કર્ષ થતો નથી. એ ઉપરાંત સાહિત્યને ઘણી દિશાએ તૈયાર કરાવવા માટે નવયુગનો સહાનુભૂતિપૂર્વકનો અભ્યાસ કરી આપે તેમ છે. તે વિવિધતાથી જોઈએ.

આપણું બળવાન ગુજરાતી કાવ્યસાહિત્ય રાસા, સ્તવન, સજ્ઝાય પદ આદિ અનેક વિભાગમાં વહેંચાયલું છે, તેને વ્યવસ્થિત રીતે ગોઠવી, વિષમ પદોને અર્થ સાથે છપાવી પ્રકટ કરવાનું છે, સાથે તેના લેખકનો કાળ અને લભ્ય આધારભૂત જીવનનો ઇતિહાસ મેળવી તેને પ્રકટ કરવામાં આવે ત્યારે જૈન સાધુઓની સેવાનો જનતાનો ક્યાસ આવશે. રૂચિકર આકારમાં આ કાર્ય નવયુગ કરી શકશે, કારણ કે તેનું પદ્ધતિસરનું શિક્ષણ તેને આ કાર્યમાં પણ પદ્ધતિ દાખવતો કરી દેશે.

ઉપરાંત અધ્યાત્મ જ્ઞાનના ગ્રંથો, આગમ સાહિત્ય, આગમનો ઇતિહાસ, પૂર્વકાળનો ઇતિહાસ, કાવ્યની સરખામણી વગેરે ઘણાં સાહિત્યનાં કાર્યો કરવાનાં છે. એ માટે વિદ્યાપીઠ કરવાની આવશ્યકતા છે. ત્યાં વિદ્વાનને જમાવી કાર્ય હાર પાડવાનું છે. એ કાર્ય નવયુગ કરી શકશે અને કરશે તો તેમાં પદ્ધતિ જરૂર લાવી શકાશે.

નાના મોટા ક્રિયાયોગના વિષયો પર પુસ્તિકા, નોટ્સ અને આકર્ષક નિબંધો તૈયાર કરવાની જરૂર છે. દા. ત. સમ્યકત્વ, અષ્ઠ પ્રવચનમાતા, કર્મ, ત્રણ કરણો. અતિચાર અનાચારનું સ્વરૂપ, મુહપત્તિની પડિલેહણા, ઇરિયાવહિયાનું માહાત્મ્ય, સમ્યકત્વના ૬૭ બોલ, અઢાર પાપસ્થાનક પર વિવેચન, પ્રત્યેક પાપસ્થાનકનું પૃથક્કરણ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધાના ભેદો, જૈનધર્મમાં શ્રદ્ધાનો વિવેક, જ્ઞાનક્રિયાના સહયોગની આવશ્યકતા, બારે વ્રત પર બાર પુસ્તિકા, દશ યતિધર્મો પર દશ પુસ્તિકામાં પ્રકાશ, બાર ભાવના પર લેખો, બાર વિનય અને વૈયાવચ્ચને જૈન પ્રગતિપંથમાં સ્થાન, પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધનો મહિમા, ગુણસ્થાનકમારોહનો મહિમા, કર્મ અને પુરૂષાર્થની મર્યાદાઓ, પાંચ સમવાયી

કારણો, મૈત્રી, પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ ભાવનાઓ, પ્રત્યેક વ્રતની ભાવનાઓ, મહાવ્રત અને અણુવ્રતનો તફાવત, બ્રહ્મચર્યના મહિમાને જૈન વિકાસમાં સ્થાન--આવા આવા અનેક વિષયો છે. તે પર નવીન ઢબે અભ્યાસપૂર્ણ ઉલ્લેખ સાહિત્યની રૂચિકર પદ્ધતિએ નવયુગના સાહિત્યસ્વામીઓ લખી શકશે. એને ઉત્તેજનની જરૂર છે.

ખાસ કરીને નય, નિક્ષેપ, સપ્તભંગી, નિગોદ, કર્મ, આત્મામાં રહેલું પરમાત્મ તત્વ, વિગેરે ખાસ જૈન સિદ્ધાંતો પર પુસ્તિકાઓ લખાવાની જરૂર છે. નવયુગ એ કાર્ય કરી શકશે તે માટે ઉત્તેજન અને આકર્ષણની જરૂર છે.

સાહિત્યનો ઇતિહાસ, ઐતિહાસિક પુરૂષોનો ઇતિહાસ, મહા-ઉપકારી લેખકોનો ઇતિહાસ, સમાજસેવા કરનાર યુગપ્રધાન પુરૂષોનો ઇતિહાસ, જૈન ધર્મનો પ્રભાવ વિસ્તારનાર મહાદાનેશ્વરી, સ્થાપત્ય-સ્વામી અને દેશના નેતા કે સમાજના નભાવનાર, દુકાળ ઉતારનાર કે રાજ્યકારભાર કરનારના ઇતિહાસ રોચક ભાષામાં લખાવા જોઇએ અને તે કાર્ય નવયુગ સારા આકર્ષક આકારમાં કરી શકશે.

## સંસ્કૃતિવેગ

અને સર્વથી મહત્વનો પ્રશ્ન સંસ્કૃતિના વેગનો છે. એ વેગ લાવવાનો ઉપાય નવયુગને અપનાવવાનો છે. એને બેસાડી દેવાથી કે એની ટીકા કરવાથી સંસ્કૃતિને વેગ નહિ મળે. નવયુગ પ્રશ્નો કરે કે નવીન વિચારધારા ગોઠવે કે જૂનાની ટીકા કરે તેથી ગભરાવા જેવું નથી. મુદ્દો એ છે કે એને જ્ઞાન, દર્શન, ચારિત્ર પર રૂચિ છે કે નહિ. જો એને એ ગમતા હોય તો તે જૈન છે, આકાર કે આચારભેદે જૈનત્વ જતું નથી. પણ આત્માને ન માનનાર કે આત્માના જ્ઞાન દર્શન ચારિત્ર ગુણોમાં રસ ન લેનાર જૈન રહી શકતો નથી, સમાજને કોઈ લાભ આપી શકતો નથી. એટલી વાતનો જો સ્વીકાર થાય તો નવયુગને તૈયાર કરવાની શકયતા ઘણી દેખાય છે. એ અમુક પ્રકારની

જ ક્રિયા કરે એવો આગ્રહ રાખવા કરતાં એની જ પાસે એ ક્રિયાની વિશિષ્ટતા ગવરાવવાથી એ માર્ગ પર આવી જશે. બાકી એની ટીકા કરવાથી એ દૂર થતો જશે અને અત્યારની જટિલ જિંદગીમાં એ અન્ય કાર્યમાં પડી જશે તો સમાજને એની આવડતનો લાભ નહિ મળે. તેટલા માટે સંસ્કૃતિને વેગ આપવો હોય તો બાહ્ય દેખાવ કરતાં આંતર તત્ત્વ ઉપર વધારે ધ્યાન આપવું પડશે અને એક વખત નવ યુગને આકર્ષવામાં આવશે તો તે ધર્મસેવા અને સમાજસેવા સારી રીતે કરી સંસ્કારને વેગવાન જરૂર બનાવી શકશે.

## સંસ્થાને ઉપયોગી કાર્યકર્ત્તાઓ—

નિબંધની જાહેરાતમાં સંસ્થાને ઉપયોગી કાર્યકર્ત્તાઓને ઉત્પન્ન કરવાની યોજના માગી છે. સંસ્થા એટલે આપણે ચાલુ કોલેજની બોર્ડીંગો, કોન્ફરન્સ, બાળાશ્રમ, ગુરૂકુળ આદિ લઇએ તો તેમાં આખો સમાજ આવી જાય. એટલે સંસ્થાને ઉપયોગીને બદલે **સમાજને ઉપયોગી સેવાભાવીઓ** કેમ મેળવી શકાય તેનો વિચાર કરવાનો પ્રાપ્ત થાય છે. સેવાભાવી કાર્યકર્ત્તા ઉત્પન્ન કરવા માટે સાધુ અને શ્રાવક વચ્ચે એક સેવકવર્ગ ઉત્પન્ન કરવો ઘટે. એ જરૂરી પૈસા રાખે, વાહનમાં મુસાફરી કરે, પણ એનામાં સેવાભાવની ધગશ ખૂબ હોય અને અત્યારે સર્વન્ટસ ઓફ ઈંડિયા સોસાયટી કે ડકન એજ્યુકેશન સોસાયટી જે રીતે કામ લે છે તે પ્રકારના સેવકો ઉત્પન્ન કરવા ઘટે. એ માટે સારી યોજનાપૂર્વકનું ફંડ ઊભું કરવું પડશે. એમાં દાખલ થનારમાં નીચેના ગુણો જોઇએ.

(a) સંસ્કૃત ભાષાનો અભ્યાસી હોય.

(b) એમ. એ. સુધી અભ્યાસ કર્યો હોય.

(c) સાહિત્યનો શોખીન હોય.

(d) સેવાભાવની ધગશ હોય.

(e) સાધુ ન થયેલ હોય, પણ લગભગ સાધુજીવન ગાળવાની વૃત્તિ હોય.

(f) ધર્મ ખાતર એ જાતનો વિચાર ન કરે, પણ ધર્મપ્રભાવના માટે ખડે પગે રાત્રે બાર વાગે તૈયાર રહે એટલી એની ધર્મપ્રભાવ-ભાવના જાગતી રહેવી જોઇએ.

(g) એને બૈરી છોકરાંની વળગાડ ન જોઇએ. ઓછામાં ઓછું એનામાં સંયમવૃત્તિ હોવી જોઇએ.

(h) અખંડ ઉદ્યોગ, સાહિત્યસેવા, ભાષણ કરવાની આવડત અને ઠામ ઠામ જવાની હોંશથી એનામાં પ્રેરણાબળ જોઈએ. આવા સેવાભાવની સેવા સ્વીકારનાર એક મંદિર તૈયાર કરે, ત્યાં સાહિત્ય-રસ, તત્વરસ અને ક્રિયારસ જમાવે, ત્યાં અધ્યાત્મ અને માર્ગાનુસારીના ભાષણો ચાલે, ત્યાં ધર્મમય સેવાભાવનું વાતાવરણ પ્રસરે અને ત્યાં સુંદર પુસ્તકાલયની અંદર ધર્મસાહિત્ય સંપૂર્ણ મળે અને જરૂરી પ્રચલિત સાહિત્ય પણ લભ્ય હોય, જ્યાં સેવાભાવ લક્ષ્યબદ્ધતો હોય, ત્યાં યોગ્ય વાતાવરણમાં આવા કાર્યકરો ઉત્પન્ન કરી શકાય. બ્રહ્મચારી વગર આ કામ બનવું મુશ્કેલ છે. પૈસા ખપ પૂરતા લે અને રાખે તેમાં વાંધો નથી.

આવા વાતાવરણમાં સમાજ ઉપયોગી કાર્યકરો ઘડી શકાય. બાકી ચાલુ પ્રકારના કાર્યકરોમાંથી જે અભ્યાસી હોય તેમની સેવા હાલ લઇને ચલાવવા જેવું છે. અંતે તો યોગ્ય આશ્રય નીચે સાધુ અને શ્રાવક વચ્ચેનો સેવાભાવી વર્ગ ઊભો કર્યા વગર સાચી સેવા થવી મુશ્કેલ લાગે છે. આ અતિ મહત્વની યોજના છે અને અલગ વિચારણા માગે છે. એની ઉપયુક્તતા ખૂબ છે અને એવો વર્ગ પણ નવયુગમાંથી ઉત્પન્ન કરવાનો છે. પ્રયાસ અને યોજનાથી એ કાર્ય થઇ શકશે. અત્યારે સંસ્થા માટે સુપ્રિન્ટેન્ડેન્ટો, ધર્મશિક્ષકો અને કાર્યકર્તાઓ મેળવવામાં એ મોટી મુશ્કેલી પડે છે તે આવી સંસ્થા

ઓઢી કરી શકશે અને તેવી સંસ્થાની ખાસ જરૂર છે. એને 'વીરસેવક સમાજ,' નામ આપી શકાશે. દરમ્યાન હાલ તુરત માટે તો કાર્ય કરનારા ચાલુ અભ્યાસીમાંથી મેળવી લેવાનું રહેશે. અભ્યાસીઓ તૈયાર થશે પછી આવી સેવકસમાજની યોજના હાથ ધરવી ઠીક થઇ પડશે.

લેખની શરૂઆતમાં શિક્ષકો તૈયાર કરવાની હકીકતને અંગે જે વિચાર રજુ કર્યા છે તેને આ વિભાગ સાથે સંબંધ છે-એ વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. શિક્ષકો તૈયાર કરવા કરતાં પણ સેવાભાવી કાર્યકરો તૈયાર કરવા કે એકઠા કરવાનું કામ મુશ્કેલ દેખાશે. મુખ્ય વાત વાતાવરણ ઉત્પન્ન કરવાની છે, એને અંગે હાલમાં મુંબઇમાં ચાલતી ભારતીય વિદ્યાભવનની આખી યોજના અભ્યાસ કરવા યોગ્ય છે. સુંદર પુસ્તકાલય, કામ કરનારાઓની ધગશ અને વિચાર-વિશાળતા સાથે વાતાવરણ જમાવવામાં આવે તો વ્યાપારી કોમમાંથી પણ સમાજસેવકો મેળવી શકાશે એમ જરૂર લાગે છે અને એને ભરણપોષણની ચિંતા ન હોય તો કાર્યસાધક પરિણામ નીપજાવવાની સંભાવના રહે છે.

**ઉપસંહાર—**

આ રીતે સાહિત્ય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિને વેગવાન બનાવવા માટે ઉચ્ચ અભ્યાસીને આકર્ષવાની જરૂર છે, આકર્ષવા માટે તદ્યોગ્ય સાહિત્ય તૈયાર કરવાની જરૂર છે, અને સાહિત્ય તૈયાર કરવા માટે ઊંડા અભ્યાસીની જરૂર છે. નવયુગના માનસનો અભ્યાસ કરવાની જરૂર છે, સંપૂર્ણ ત્યાગીની બલિહારી ગાવાની જરૂર છે અને નવ યુગના માણસો મધ્યમ જીવન જીવી શકે તેવી તેમને જોગવાઇ કરી આપવાની જરૂર છે. હોસ્ટેલ વગેરેમાં સાથે અભ્યાસ કરનાર માટે વર્ગો અને અધ્યાપકોનો જોગ કરવાની જરૂર છે, તે માટે સાહિત્ય તૈયાર કરવાની જરૂર છે અને પોતાને ઘેર રહી વૈયક્તિક અભ્યાસ કરનારને જ્ઞાન મળે તેવા સાહિત્યને તૈયાર કરવાની જરૂર છે.

જૈનેતર ઘણીવાર પૂછે છે કે જૈન ધર્મનો બોધ થાય તેવી પુસ્તિકાઓ જોઈએ. આવાં નાનાં પુસ્તકો તૈયાર કરવાની જરૂર છે. થોડી પુસ્તિકાથી જૈન ધર્મનો બોધ તો ન જ થાય, પણ એનામાં રુચિ જાગ્રત થાય તો પછી એ અભ્યાસદ્વારા વધારે મેળવે. જેમ બે ચોપડી વાંચવાથી એમ. એ. જેટલું જ્ઞાન ન થઈ શકે, પણ રસ્તે ચઢવા માટે એની પણ જરૂર છે અને રુચિ જાગ્રત કરે તેવા નાનાં પુસ્તકો તૈયાર કરવાની આપણી ફરજ પણ છે. અત્યારે માણસોને વેપાર વ્યવસાયમાં સમય બારે માસનો જાય છે, તેવાને રુચિ જાગ્રત કરે તેવાં નાનાં મોટાં પુસ્તકોની જરૂર છે. એ ઉપાશ્રયે જઈ પાઠ લઈ અભ્યાસ કરે તે વાત બનવી મુશ્કેલ છે અને તેવા અભ્યાસ રુચિવાળા માટે આ ઉલ્લેખ નથી. ચાલુ યુગને એવા રુચિ વધારવાના અને જૈન ધર્મનો આત્મિક વ્યવહારિક નૈતિક દૃષ્ટિએ ખ્યાલ કરાવનાર ગ્રંથો, પુસ્તકો અને પુસ્તિકાઓ તૈયાર કરાવવાની જરૂર છે. એ જ પુસ્તકોનો ઉપયોગ ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થીને અંગે પણ થઈ શકશે અને એ રીતે સંસ્કૃતિને વેગવાન પણ બનાવી શકશે.

અને તેટલી જ ઉપયોગી હકીકત કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ તરફ પ્રેમ અને સહાનુભૂતિ બતાવવાની છે. વિદ્યાર્થીવર્ગ નાસ્તિક છે કે અધર્મી છે એમ માનવા કરતાં એ પણ જૈનના દીકરાઓ છે, યોગ્ય સાધન મળે તો અસલ સંસ્કારના વારસો છે, એના હાથમાં જૈન ધર્મના સંદેશા પહોંચાડવાની કળા છે અને એની અસર તળે ભવિષ્યની જૈન આગેવાની છે. જૈન ધર્મની વિશાળ બંધુત્વ ભાવના, એનો અપેક્ષાવાદ, એની અહિંસા અને એના સંયમ તથા તપ જગતની ગુંચવણો કાઢી નાખે તેવો છે. તેને સાચા સ્વરૂપે રજુ કરવાની એ વર્ગમાં આવડત છે અને વિશાળ દૃષ્ટિથી કામ લેવામાં આવે અને યોગ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો તેમની પાસેથી એ કાર્ય પણ લઈ શકાય તેમ છે. આ દૃષ્ટિ કાયમ થશે તો ઘણી સેવા સ્વપર ઉન્નતિને અંગે થઈ

શકશે. નવયુગની સાથે કામ લેવામાં ક્રિયારુચિ ઉત્પન્ન કરવા સાથે જ્ઞાન ઉપર વધારે ભાર મૂકવાથી કામ પ્રભાવશાળી અને દીર્ઘ અસર ઉપજાવનારું થાય તેમ દેખાય છે. ક્રિયાના રહસ્યો સમજાય તો તે તરફ રુચિ થશે. પણ વધારે ભાર જૈન ધર્મના સિદ્ધાંતોની પરસ્પર સંગતતા, એમાં રહેલ અપેક્ષાવાદ, એની અનેકાંત પરિસ્થિતિ, એની સંયોગોમાં પ્રાપ્ય સમન્વય કક્ષા અને એમાં રહેલ આત્માનો મોક્ષ ખૂબ આકર્ષણીય બનાવી શકાય તેમ છે. આ વાત પર વધારે ભાર અપાવાથી તત્ત્વજ્ઞાન અને સાહિત્યને વેગવાન બનાવી શકાશે.

અને સાધુઓ પૈકી જેઓએ નવા યુગનો અભ્યાસ કર્યો હોય, જેઓ નવીન પદ્ધતિએ ધર્મ ચલાવવા ઇચ્છતા હોય, જેઓ વિચારની વિશાળતા અને ધર્મનું અનેકાંત સ્વરૂપ બતાવી શકતા હોય અને જેમણે અર્વાચીન વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય તેમની સલાહ અને સહાય આ અગત્યના વિષયની પ્રગતિને અંગે લેવી અને તેઓ સક્રિય કાર્ય કરવા ઇચ્છે તો તેમને કરવા દેવા. તેમની ભાવના ધર્મપ્રચાર અને સંસ્કૃતિના વેગની જ હોય તો તેઓ કામ આપી શકશે. તેમના આજીવન ધાર્મિક અભ્યાસનો ઉપયોગ જરૂર કરવા યોગ્ય છે, પણ તદ્યોગ્ય વિશાળતા વગર તેઓ અસરકારક કામ નહિ આપી શકે તો તેઓ વંદન કરવા યોગ્ય છે.

નવા યુગના પ્રશ્નોથી જે ઉશ્કેરાઇ જાય તેવા હોય, વિજ્ઞાનના અભ્યાસ વગરના હોય, સત્યના અંશો આખી દુનિયામાં ઠેર ઠેર પડેલા છે એ જેને વીણતાં આવડતા ન હોય અને જે અન્ય ધર્મને મિથ્યા માની તેની નિંદા કરવા ઉત્સુક થઇ જતા હોય. તે નવયુગને કામ નહિ આપી શકે. સર્વ ધર્મ સત્યથી ભરેલા છે, એ સત્ય દાખવનારા છે અને જૈન ધર્મ એનો સંગ્રહ કરનાર છે એ અપેક્ષાવાદ સમજીને સમજાવી શકે, જેનામાં સહિષ્ણુભાવ સદૈવ જાગ્રત હોય તેની પાસેથી કામ લેવામાં આવે તો નવયુગદ્વારા ધર્મના વિજયડંકા વગડાવી શકાય તેમ છે.

જરા આજુબાજુનું અવલોકન કરવાથી, દ્રવ્યક્ષેત્રકાળભાવના સિદ્ધાંતોની પારાયણ કરવાથી, પશ્ચિમ અને પૂર્વના સંયોગથી ઉદ્ભવતાં પરિવર્તનોની તુલના કરવાથી, વિદ્યાર્થી માનસનો અભ્યાસ કરવાથી અને ઓગણીશમી સદી પૃથક્ હતી, વીસમી સદી જુદા પ્રકારની પૂરી થવા આવી છે અને એકવીશમી તદ્દન અલગ ભાત પાડે તેવી થવાની છે તેની નોબતો અત્યારે ગડગડી રહી છે એ વાતને ઓળખનાર અને અખંડ જૈનત્વની મહાન સિદ્ધિમાં તરતમતાને સ્થાન છે અને સાદા ચાલુ જૈનત્વ અને અપ્રમત્ત દશા વચ્ચે ઘણો આંતરો છે, છતાં સર્વત્ર જૈન દશા વ્યાપી કહેલ છે એ વાતનો સ્વીકાર કરવાથી ધારેલ મુરાદ પાર પડશે, સમજણપૂર્વકનો શ્રદ્ધાળુવર્ગ મળી રહેશે અને જૈન દશા વિશ્વવ્યાપી થઈ શ્રી વીર પરમાત્માના સંદેશા જગતભરમાં ફેલાવાશે.

ઇતિશમ્.



આનંદ પ્રેસ
ભાવનગર